અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫**/— આજીવન **૨૫૧**/—
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/— (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦**/—

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર—૩૬૪૦૦૨ ફોન : **(૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: avgohil1@gmail.com
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'

અનુક્રમણિકા

સદ્‌ભાવભરીસહાય	મા	૩
પરદેશનાઅધ્યાત્મનાગ્રાહકોનેમાટેખાસસૂચના	તંત્રી	૪
શ્રી યોગેશ્વર વાણી—અહિંસા	યોગેશ્વરજી	૫
શ્રીયોગેશ્વરકથામૃત—દક્ષિણઆફ્રિકાનોપુણ્યપ્રવાસ(૧૮)	માસર્વેશ્વરી	૧૦
હરિરસનીહેલી, હવેપછીશું?	ચંદ્રકાન્તપટેલ	૧૪
એકાદશી વ્રતથી વૈકુંઠ	યોગેશ્વરજી	૨૦
પૂ.માનીસ્લેટનીઅદ્‌ભુતવાતો—ભાગ—૨	સંકલન: મયૂરીટેલર	૨૬
નામજપવિષે—પૂ.શ્રીનુંમાર્ગદર્શન	યોગેશ્વરજી	૩૩
રમણ મહર્ષિના પ્રેરક પ્રસંગો	યોગેશ્વરજી	૪૦
પ્રાર્થના	કુંદનિકા કાપડિયા	૪૩
મંગલ મંદિર ખોલો	નરસિંહરાવ દિવેટીયા	૪૫
મૃત્યુ અને મનની સ્વસ્થતા	સ્વામી વિદિતાત્માનંદજી	૪૬
બંધિયાના ડોસાભાઇ	સાધુ વિવેકપ્રિયદાસ	૪૯
રમણ મહર્ષિ સાથે પ્રશ્નોત્તરી	પ્રો.તરલા દેસાઇ	૫૫
ગુરુની પ્રાપ્તિ	શ્રી યોગેશ્વરજી	૬૦
PRESENCE OF GOD	Mitra R. Sejpal	63
અનુભૂતિ (ગઝલ)	દક્ષેશ કોન્ટ્રાક્ટર	૬૪

સદ્‌ભાવભરી સહાય

વિદેશની ધરતી ઉપર પ્રથમ શિબિર, કર્પૂરવન સંનિધિ પર્વ, કર્પૂરવન ૐમા પ્રાથમિક શાળા, સાયકલ યાત્રા તથા જયપુર ફૂટ જેવાં અનેક સત્કર્મો જેમના હાથે થઈ રહ્યાં છે.

તે કર્પૂરવનના મા પરિવારનાં વડીલો ને બાળકો—

૧. શ્રી શારદાબેન,

૨. શ્રી રમેશચંદ્ર,

૩. શ્રી જગદીપ ભક્ત,

૪. શ્રી નયના ભક્ત.

તરફથી આ અંક પ્રકાશિત થઈ રહ્યો છે.

સર્વમંગલ, સ્વર્ગારોહણ, અધ્યાત્મના એ સાચા સ્વજનોને અભિનંદન.

—મા સર્વેશ્વરી

પરદેશના અધ્યાત્મના ગ્રાહકો માટે ખાસ સૂચના

—તંત્રી

પરદેશના ગ્રાહકોને અધ્યાત્મ માસિક શરુઆતથી જ વિમાન દ્વારા (By Air mail) મોકલવામાં આવે છે. ડીસે.૧૫માં પોસ્ટ ખાતાએ પોસ્ટલ ચાર્જ લગભગ ડબલ કરી દેતાં, અધ્યાત્મના વાર્ષિક અને આજીવન સભ્ય ફીમાં વધારો કરવામાં આવ્યો. જે અનુક્રમે વાર્ષિક ડૉલર ૨૫ અને આજીવન ડૉલર ૨૫૦ ઠરાવ્યા. ભારતીય ચલણમાં વાર્ષિક રૂા.૧૬૫૦/— આજીવન રૂા.૧૬૫૦૦/— ઠરાવ્યા.

પોસ્ટેજ ચાર્જનો વધારો તો જૂના ગ્રાહકોને પણ લાગુ પડે. એટલે ટ્રસ્ટે એવું ઠરાવ્યું છે કે જૂના બધા જ ગ્રાહકોને પણ આ વધારો લાગુ પાડવો ને નવેસરથી ઉપરના દર પ્રમાણે લવાજમ ઉઘરાવી નવું ગ્રાહક લીસ્ટ બનાવવું ને તે પ્રમાણે ઓગસ્ટ, ૨૦૧૬થી નવા થનાર ગ્રાહકોને જ અધ્યાત્મ મોકલવામાં આવશે, તેની નોંધ લેવા વિનંતિ છે.

હાલ આ કામ અમેરિકા સ્થિત પૂ.મા—પ્રભુના ભક્ત શ્રી વિનોદભાઈ પટેલ, ન્યુજર્સી સંભાળી રહ્યા છે. તો તેમનો સંપર્ક 001-2014010035, 001-2018616810 કરવો.

સામાન્ય રીતે આજીવન સભ્યપદ દસ વર્ષનું હોય છે. તેના સ્થાને **અધ્યાત્મ**એ ૩૮ જેટલાં વર્ષો સુધી આ સેવા કશાય વધારા વગર પૂરી પાડી છે.

એટલે જૂના ગ્રાહકોને તેમના લવાજમનું યોગ્ય વળતર અત્યાર સુધીમાં મળી ગયું છે એમ ટ્રસ્ટ માને છે. કેનેડા, ઈંગ્લેન્ડ, સાઉથ આફ્રિકાના ગ્રાહકોએ—ઉપરોક્ત અમેરિકન ચલણ મુજબ નવું લવાજમ આપવાનું રહેશે.

યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

અહિંસા

''અહિંસા પ્રતિષ્ઠાયાં તત્સંનિધૌ વૈરાગ્યઃ।''

ભારતના પ્રાચીન મહર્ષિ પતંજલિએ આ શબ્દોમાં અહિંસાનો મહિમા ગાયો છે.''અહિંસા થતાં તે પુરુષની આગળ સર્વ પ્રકારની હિંસા ને વેર શમી જાય છે.'' અહિંસા વિશે હવે વિચારીએ.

અહિંસાનો સાધારણ અર્થ શો છે? હિંસા ના કરવી તે. વિચાર કરતાં જણાશે કે શરીરધારી હિંસાથી બચી શકતો નથી. શરીર છે તે પણ કેટલીક જગા રોકે છે, ને તે જગામાં હવાનાં પરમાણુ ને જંતુ ભર્યા હોવાથી હિંસા થઇ જ રહી છે. માણસ ખાય છે, પીએ છે, તેમાં પણ શું હિંસા નથી? પરંતુ આવી રીતે હિંસા—અહિંસાનું પિષ્ટપેષણ કરવા જઇએ તો પાર ના આવે. તેવી હિંસા મટાડવાના ઉપાયો પણ યોગ બતાવે છે. તે ઉપાયો દ્વારા શરીર હોવા છતાં અહિંસક થઇ શકાય છે. પરંતુ સાધારણ માણસે આવી હિંસાનો વિચાર કરી, ને શરીરને તેનું નિમિત્ત સમજી, શરીરનો નાશ કરવા ઇચ્છવું બરાબર નથી. કેમકે એ તો એક હિંસામાંથી છૂટવા બીજી મોટી હિંસાનો આધાર લેવા જેવું છે. જેને ટાળવા માનવ સમર્થ નથી તે કોઇ સારા હેતુને માટે ભલે થાય; મુખ્ય વાત તો એ છે કે જેટલી શક્ય હિંસામાંથી માનવ બચી શકે છે તેટલી હિંસાનો માનવે ત્યાગ કરવો.

શરીરની, મનની ને વાણીની એમ ત્રણ જાતની અહિંસા મુખ્યત્વે છે. શરીરથી કોઇને નુકસાન ના પહોંચાડવું, તેમ જ ચોરી, લૂંટ, વ્યભિચારાદિ ના કરવાં, તે શરીરની અહિંસા, કોઇને દુઃખ થાય તેવું, અશ્લીલ તેમજ અસત્ય ને અન્યાયપૂર્ણ ના બોલવું, પણ સત્ય ને મધુર બોલવું તે વાણીની અહિંસા. ને મનમાં કોઈના પર દ્વેષભાવ ના થવો, અસત્ય તેમજ અનીતિનું ચિંતન મનથી ના કરવું, પરંતુ સત્ય ને નીતિમય ઉચ્ચ વિચારોથી મનને ભરી દેવું, કામ ને ક્રોધ તેમજ ઈર્ષા અને અભિમાનના બીજને તેમાં ઉછેરવા ના દેવું, એ બધી મનની અહિંસા. આ ત્રણ જાતની અહિંસા પાળવાનો પ્રયાસ સૌએ કરવો ઘટે છે.

પ્રાથમિક દશામાં માણસ હિંસક જ વધારે હોય છે. લૂંટ ને ખૂનમાં જ તેને આનંદ મળે છે. તેના મનમાં અશ્લીલ વિચારો જ ઊભરાયા કરે છે, તે મધુર વાણી બોલી શકતો નથી છતાંયે એવો માણસ પણ પોતાનાં સંતાનો પ્રત્યે સ્નેહ રાખે છે, માયાળુતાથી વર્તે છે, ને તેમનાં સુખદુઃખમાં ભાગ લે છે. એ બતાવે છે કે તેવા માણસમાં પણ પ્રેમ અથવા અહિંસાનો પ્રવાહ રહેલો છે. ફક્ત તે નાનોસરખો છે. તેને જો વેગ આપવામાં આવે, પોષવામાં આવે, તો સર્વ પ્રત્યે તે તેવો જ પ્રેમ બતાવી શકે ને હિંસક કૃત્યોને છોડી દે. માણસનો પોતાનો અંતરાત્મા જ આમ માનવજાતિની એક આશા છે, ને તેને સાચવવામાં આવે તો દુનિયામાં ઘણું પરિવર્તન થઇ જાય તેમ છે.

બીજો વર્ગ એવો છે જે રક્ષા માટે હિંસામાં માને છે. મચ્છર કે સાપની હિંસાથી લઇને મોટાં મોટાં યુદ્ધોનું પણ તે વર્ગ રક્ષા

માટે સમર્થન કરે છે. માણસને જીવન કે શરીર પ્રત્યે મમતા છે ત્યાં લગી, તેને જાળવવા માટે આવી પડેલા પ્રત્યેક ભયનો તેણે સામનો કરવો જ જોઇએ. રક્ષાને માટે જે હિંસા થઇ રહી છે, (તેમાં દેહધારણ અને આહારનો પણ સમાવેશ થઇ જાય છે), તેને એક પ્રકારની અહિંસા કહેવામાં આવી છે. પણ તે હિંસા આજે બધે જ થાય છે તે પ્રકારની નથી. તેવી હિંસા વખતે માણસનું મન કેવું હોય છે એ જ મુખ્ય પ્રશ્ન હોય છે. માણસ રાગદ્વેષથી ભરેલો હોય ને ગુસ્સે ભરાઇને બીજાનો સામનો કરે એમ પણ બને છે. તેને હિંસા જ કહેવામાં આવી છે. પરંતુ મનમાં હિંસા કરનાર પ્રત્યે પણ દ્વેષભાવ ના ઊઠે, ફક્ત તેનું કૃત્ય ઠીક નથી. એજ ભાવ જાગે, તેનો સામનો કરવા માટે હિંસક બળ માત્ર રક્ષા માટે અજમાવાય, તો તેવી હિંસાને મૂળ અહિંસામાં ગણી છે. હિંસક પ્રત્યે ખરાબ ભાવ કે હિંસકનું અહિત થાય તેવો વિચાર ના હોવો જોઇએ, તેમજ ઇશ્વરનું હથિયાર બનીને હું આ કૃત્ય કરું છું. એવો ભાવ રક્ષા કરનારમાં હોવો જોઇએ. એટલે, ટૂંકમાં કહીએ તો મનને કોઇ પણ પ્રકારની મલિન ને હિંસક વૃત્તિથી પર રાખવું જોઇએ. જે મનને અહિંસક રાખીને હિંસાનો સામનો નથી કરતા, પરંતુ ક્રોધ, દ્વેષ ને મદથી પ્રેરાઇને હિંસા કરે છે, તેમનો વર્ગ ઉપલા વર્ગ કરતાં ઊતરતો છે.

ત્રીજો વર્ગ સર્વ સંજોગોમાં અહિંસા પાળનારો વર્ગ છે, શરીરની રક્ષા માટે પણ તે શક્ય હિંસા કરતો નથી, હિંસક કાં તો આ વર્ગના પ્રભાવથી અહિંસક બની જાય છે, હિંસાને ભૂલી

જાય છે, કેમકે સામેના માણસના પ્રેમનો પ્રભાવ હિંસક પર પડી તેનો હૃદયપલટો થાય છે, અથવા તો હિંસક હિંસાનું કૃત્ય કરે છે, પરંતુ જે અહિંસક છે તે શરીરની પરવા રાખ્યા વિના તેને સહી લે છે. એને સહી લેવામાં પણ અંતે હિંસા કરનારનો હૃદયપલટો થશે એ શ્રદ્ધા કામ કરતી જ હોય છે. ભારતની સત્યાગ્રહની છેલ્લી ફિલસૂફી આ જ શ્રદ્ધા પર રચાયેલી હતી. તે જ શ્રદ્ધાથી ગાંધીજીએ જીવનકાળમાં અનેકવિધ હિંસાનો સહર્ષ સામનો કરેલો, ને તેમ કરવાનું બીજાને પણ શીખવેલું. ગોળીથી વીંધાઇને મૂક રીતે ચાલ્યા જવામાં પણ તેમણે હિંસક બળ સામેના અહિંસક પ્રતિકારનો શ્રેષ્ઠ દાખલો જ પૂરો પાડ્યો. તે કેટલો ભવ્ય પ્રસંગ છે! સુકરાતનું વિષપાન ને ઇશુનું સાનંદ વધસ્થંભ પર ચઢવું ને છતાં જેમણે કુકૃત્ય કર્યું તેમને માટે પણ પ્રાર્થના કરવી, એ આ જ પ્રકારની અહિંસાના નમૂના છે. એવી અહિંસા માટે શરીરની નિર્મમતાની, ઇશ્વર પ્રત્યે શ્રદ્ધાની, નીડરતાની, સર્વ પ્રત્યેના વિરાટ પ્રેમની અને આત્મવિશ્વાસની આવશ્યકતા રહે છે. ચિત્તની શાંતિ વિના એવી અહિંસા આચરાતી નથી. ને ચિત્તની શાંતિ વિકારોના શમન વિના થતી નથી. ક્રોધનો અભાવ તો જોઇએ જ. અંદરના મનને પલટાવ્યા વિના બહારની અહિંસા ક્યાંથી થાય? એટલે જ અહિંસક પુરુષ હૃદયશુદ્ધિને મહત્ત્વની ગણે છે. સાચી વસ્તુને ખાતર દેહ પડી જાય તોય શું? તે કાંઇ વ્યર્થ નથી જ. તે તો સત્ય માટેનું તર્પણ છે. અહિંસક પુરુષ એટલા માટે સત્યનો જ ઉપાસક બને છે.

મહર્ષિ પતંજલિએ જે કહ્યું છે તે એવા પુરુષો દ્વારા પણ બને

છે. પણ ઈશ્વરપ્રાપ્ત કે યોગી પુરુષોના જીવનમાં તે વધારે જડે છે. સૌમાં એક જ ઈશ્વર છે. તેથી કોઈથી ડરવાપણું રહેતું નથી. સૌ પ્રત્યે પ્રેમ રાખવો ઘટે છે. એ ભાવ ઈશ્વરનિષ્ઠા પુરુષોમાં વિશેષ રહે છે. તે હિંસકના દિલને સ્પર્શી શકે છે, તરત સ્પર્શે છે, ને પોતાના પ્રભાવથી તેને પલટાવીને અહિંસક કરી દે છે.

દેવપ્રયાગમાં એક બંગાલી મહાત્મા રહેતા. તે એક વાર ગુફાની બહાર બેઠેલા. ત્યાં આસપાસના જંગલમાંથી એક સાપ આવ્યો. માણસો બધા ઊઠી ગયા, પણ મહાત્માજી બેસી જ રહ્યા. સાપ તદ્દન નજીક આવ્યો એટલે મહાત્માજીએ કહ્યું, 'બેટા, નારાયણ, ક્યાં જાય છે? તું રસ્તો ભૂલ્યો લાગે છે! તારો રસ્તો તો પેલી તરફ છે!' સાપ 'નારાયણ' શબ્દને સાંભળતાં જ ઊભો રહ્યો, ને થોડી વાર ડોલીને મહાત્માજીએ બતાવેલ માર્ગે ચાલ્યો ગયો.

એવું હૃદયપરિવર્તન વધારે શ્રેષ્ઠ શક્તિનું સૂચક છે. ઈશ્વરકૃપાથી પણ ભક્તોમાં તેવું બળ પ્રકટે છે. મીરાંએ વિષનું અમૃત કર્યું. તે જો બરાબર હોય તો તે ઈશ્વરની એવી કૃપાથી જ કર્યું હોવું જોઈએ.

અહિંસા માનવને નિર્ભય બનાવે છે ને નિર્ભય માણસ જ એને આચરી શકે છે. નવી પ્રજાનાં મનને વિશુદ્ધ બનાવવાં હોય તો અહિંસક શિક્ષણ ઓછું ઉપયોગી નથી. યુદ્ધ ને હિંસાનાં વિવિધ સ્વરૂપોને દૂર કરવા માટે નવી શિક્ષા—આધ્યાત્મિક શિક્ષા ને સુખદ સામાજિક વ્યવસ્થા અનિવાર્ય રૂપે આવશ્યક છે.

અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૮ જૂન—૨૦૧૬ અંક ૯

શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ (૧૮)

તા.૧૨/૧૨/૮૨, રવિવાર, કારતક વદ બારશ, ૨૦૩૯.

પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.

દરરોજ એકસરખો જીવનક્રમ. એમાં કોઈ ખાસ ફેરફાર નહીં.

બપોરની મુલાકાતમાં બે બહેનો અને એક ભાઈ આવે છે. એ ભાઈ સાધના કરે છે. તેઓ પોતાના અનુભવો કહે છે.

થોડો આરામ કરી, સાંજે સાડા ત્રણ વાગ્યે તૈયાર થઈ જવાનું બને છે. આજે ચાર વાગ્યે શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં પૂ.શ્રીનું પ્રવચન છે.

સમય ઉપર ત્યાં પહોંચવાનું બને છે. હૉલ આખોયે ભરાયેલો હતો. સૌ ધ્યાનમાં બેઠા હતા. સ્વામી શ્રી શિવપાદાનંદજી અને સ્વામી શ્રી પ્રેમાનંદ પણ ધ્યાનમગ્ન હતા.

અમે જ્યારે હૉલમાં પ્રવેશ્યા ત્યારે સ્વામી શારદાનંદનું ધ્યાન અમારા તરફ દોરાયું. પૂ.શ્રીને તેઓ મંચ ઉપર લઇ ગયા. મંચ ઉપર સ્વામી શિવપાદાનંદ બેઠા હતા. આંખો બંધ હતી. તેમની પાસે જ એક બેઠક હતી, જેના પર પૂ.શ્રીને બેસાડવામાં આવ્યા. મંચ ઉપરના ભાગે શ્રી રામકૃષ્ણદેવનું મોટું તૈલચિત્ર ગર્ભદ્વારમાં સ્થાપિત થયું હતું.

મંચની નીચે પ્રથમ હરોળમાં સ્વામી પ્રેમાનંદની બેઠક હતી. તેની પાસે જ મારે માટે પણ ભગવી ચાદરવાળી બેઠક તૈયાર હતી. મને ત્યાં બેસાડવામાં આવી.

આખાયે હૉલની રચના વિશાળ દાદરનાં પગથિયાં જેવી ચઢતાઊતરતા ક્રમમાં હતી. તેથી દરેક પગથિયા જેવી બેઠક ઉપર લોકો સહેલાઇથી એક સાથે પચાસની સંખ્યામાં બેસી શકે તેમ હતું.

અમે બઠાં. થોડી જ વારમાં 'ૐ' બોલી ધ્યાન પૂર્ણ થયું. તરત જ સ્વામી શિવપાદાનંદજીનું ધ્યાન પૂ.શ્રી તરફ ગયું. તેઓ તરત જ ઊભા થઇ ગયા. નીચા નમીને પૂ.શ્રીને સ્મિતપૂર્વક પ્રણામ કરી આવકાર આપ્યો.

પછી સ્વામી શ્રી શિવપાદાનંદે શ્રોતાઓને અમારો પરિચય આપ્યો અને સ્વાગત કરતાં જણાવ્યું કે, પહેલાં માતાજીનું સ્વાગત કરીએ, પછી પિતાજીનું. એમ કહી હૉલમાં એક નાનકડી બાલિકાને સ્વામીજીએ પાસે બોલાવી તેને ફૂલનો ગુચ્છો આપી સમજ પાડી. તે બાલિકા મારી પાસે આવી. હું ઊભી થઇ ગઇ. મને પુષ્પગુચ્છ આપી તે બાલિકાએ નીચા નમીને નમસ્કાર કર્યા. માઇક ઉપરથી શ્રી શિવપાદાનંદજીએ 'સર્વમાંગલ્યમાંગલ્યે

શિવે સવાર્થસાધિકે, શરણ્યે ત્ર્યંબકે ગૌરી નારાયણી નમોસ્તુતે' શ્લોક બોલ્યા. પછી, પૂ.શ્રીનું સ્વાગત પણ એ રીતે હૉલમાંના કોઇ એક ભાઇ પાસે કરાવતાં સ્વામીજી 'શાંતાકારં...' શ્લોક બોલ્યા.

સ્વાગત બાદ ધૂન શરુ થઇ. અહીંના પ્રવચનની જાહેરાત જનતાને મળી હતી. લગભગ પોણો કલાક ધૂન વગેરેનો કાર્યક્રમ ચાલુ રહ્યો. જુદી જુદી ધૂન હારમોનિયમ, તબલાં, કરતાલ જેવાં સંગીતનાં અનેક સાધનો સાથે થઇ. વાતાવરણ ખૂબ સુંદર લાગતું હતું. પૂ.શ્રી પણ આંખ મીંચીને તાલ આપતા હતા. સ્વામી શ્રી શિવપાદાનંદજી પણ ધૂનમાં તલ્લીન હતા. શ્રોતાવર્ગ પણ ખૂબ પ્રેમથી તે ધૂનને ઝીલતો હતો.

જુદી જુદી ધૂન પૂર્ણ થતાં જ સ્વામી શ્રી શિવપાદાનંદજીએ પૂ.શ્રીને પોતાનું પ્રવચન આપવા વિનંતિ કરી.

પૂ.શ્રીના પ્રવચનનો આજનો વિષય 'દક્ષિણેશ્વરના મારા અનુભવો' હતો. પૂ.શ્રીએ પોતાના સાધનાકાળના અનુભવો એક કલાક સુધી અંગ્રેજી ભાષાના પોતાના વાર્તાલાપમાં વણી લીધા. વચ્ચે, વળી ત્યારે લખાયેલું ભજન પણ ગુજરાતીમાં ગાઇ સંભળાવ્યું અને તેની અંગ્રેજીમાં સમજ પણ આપી.

પ્રવચન બાદ ફરી ધૂન, ભજન શરુ થયાં. મને પણ એક ભજન સંભળાવવાની વિનંતિ શિવપાદાનંદજીએ કરી, જેથી મેં એક નવી ધૂન ગવડાવી. છેવટે આરતી થઇ.

આરતી બાદ સ્વામી શ્રી શિવપાદાનંદજીએ ફરીથી શ્રી રામકૃષ્ણદેવને તથા પૂ.શ્રીને ઘૂંટણીએ પડીને પ્રણામ કર્યા.

અંતમાં, સ્વામીજીએ આભારદર્શન કર્યું.

ત્યારબાદ સ્વામીજી સાથે અમે હૉલમાંથી બહાર નીકળી સ્વામીજીની બેઠક તરફ ગયાં. ત્યાં સ્વામીજીની પોતાની બેઠક હતી. તેના ઉપર પૂ.શ્રીને આગ્રહ કરીને બેસાડ્યા. શ્રોતાઓ પ્રવચન પૂરું થયા બાદ અહીં પ્રણામ કરવા આવ્યા હતા.

ભારત હૉલમાં આજે ગુજરાતી પ્રવચનનો છેલ્લો દિવસ હતો. સમય થઇ જતાં અમારે અહીંથી જલદી વિદાય લેવી પડી.

સ્વામીજીને પૂ.શ્રીએ કહ્યું : આપ અહીં જ બેસો. અમે જઇશું. તમારે ઊઠવાની જરુર નથી. સ્વામીજી ફરીથી પૂ.શ્રીને પ્રણામ કરે છે. સ્વામી શ્રી શારદાનંદ પૂ.શ્રીને ગાડી સુધી સાથે આવીને વિદાય આપે છે.

ભારત હૉલમાં આજે પ્રવચન સહેજ મોડું શરુ થાય છે. ત્યાં સુધી ભજનો ગવડાવાય છે. પ્રવચન બાદ ભજન—આરતી થયા પછી ત્યાંથી વિદાય લઇને ઉતારા ઉપર આવી જઇએ છીએ. ઉતારા ઉપર આરામ.

વિષમ પરિસ્થિતિમાં મુકાયેલા, શોકમાં ડૂબેલા હતાશ અને પોતાને નિઃસહાય અને અંધકારમાં ખોવાયેલા અનુભવતા મનુષ્યને, સાચા, ઊંડા ભાવથી કરેલી **પ્રાર્થના** તેની સ્થિતિમાંથી ઉપર ઉચકી લઇ એક મહત્તમ ચૈતન્ય સાથે તેનો સંબંધ જોડી આપે છે.

શ્રદ્ધા, આશા અને કરૂણા એ જીવનના ત્રણ મૂલ્યો છે. અડગ આત્મવિશ્વાસ અને શ્રદ્ધાથી આગળ વધો.

લાંબુ ચાલો અને તંદુરસ્ત તથા સુખીજીવન જીવો.

હરિરસની હેલી—હવે પછી શું?

—ચંદ્રકાન્ત પટેલ

જવાબ છે. ''યુદ્ધ'' પોતાની જાત સાથેનું યુદ્ધ, ષડરીપુ સાથેનું યુદ્ધ ''યુદ્ધ કીયે બિના કભી કોઇ બુદ્ધ નહીં બના'' આ યુદ્ધ સ્વયં શિસ્તથી પોતે જ પોતાના ચોકીદાર બનીને કરવાનું છે. સતત સાધના, સતત જપ, તપ કરીને કરવાનું છે. ''સખત પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી.'' પૂ.શ્રી પ્રભુએ અને માએ પણ આ યુદ્ધ કરેલું. સતત લાંબા ઉપવાસો કરીને, સતત જપ, તપ, સાધના, ૧૮—૧૮ કલાક ધ્યાન કરીને.

આપણી જાત સાથેના યુદ્ધ માટે તો પૂ.મા પ્રભુએ કેવાં કેવાં અમોઘ શસ્ત્રો આપેલાં છે. જપ અને સંકીર્તનનું શસ્ત્ર, પ્રણામ, પ્રાર્થના, મૌન અને પ્રદક્ષિણાનું શસ્ત્ર, નિર્જળા અને ધ્યાનનું શસ્ત્ર તો હે મા પ્રભુના સિંહ બાળકો! ઉઠાવી લો આમાંના કોઇ મન ગમતા શસ્ત્રો ''યા હોમ કરીને પડો ફતેહ છે આગે.''

પૂ.માએ કહ્યું તેમ શરીર અને મનની પાસેથી સમજાવી, પટાવી ને કામ કઢાવી શકાય છે. તેમ છતાં નમ્રતાથી કામ ન પતે તો પછી ઉગ્ર પણ બનવું પડે. પૂ.મા પદ્માસનમાં બેસવાનો અભ્યાસ કરતાં છતાં ધાર્યું પરિણામ ન આવતાં પૂ.મા પદ્માસનમાં જ સૂઇ જતાં. તેનાથી શરીર આજ્ઞાંકિત સેવક બનીને ૧૨—૧૨ કલાક પદ્માસનમાં બેસતું થઇ ગયું.

થાળીમાં છપ્પન ભોગનાં પકવાન પીરસાયા પછી એમ પૂછીએ કે હવે પછી શું તો કોઇ આપણને મુરખ ગણે. થાળી

પીરસાય પછી કેવળ જમવાનું જ શેષ રહે. આ પદોનાં દિવ્ય પકવાનનાં સર્જક પૂ.મા પ્રભુ. આ દિવ્યાતિ દિવ્ય પદોનાં પકવાનને આપણી થાળીમાં પીરસવા દેવાંગભાઇ છેક અમેરીકાથી આવેલા. ૧૯મી જાન્યુઆરી દીક્ષાદિન નિમિત્તે પૂ.માએ લખ્યું. ''આવતી દીક્ષાદિન સુધી એક વર્ષ માટેનો કોઇ નાનો કે મોટો નિયમ લઇ શકાય.'' આપણે બધા ભક્તો નિયમો લઇશું તો મા–પ્રભુ કેટલાં પ્રસન્ન થશે અને દેવાંગભાઇની સ્વર્ગારોહણ યાત્રા સાર્થક થશે. દીક્ષાદિને બધાં ભકતો ગુરુ દક્ષિણામાં નિયમોનાં થાળ ભરી ભરીને મા–પ્રભુને સાધના ભક્તિથી તૃપ્ત કરી દઇએ. આમ પણ પૂ.મા હવે છોડવાનાં નથી. પૂ.માએ લખેલું કે ''સાપના મુખમાંથી હવે દેડકું બચી શકે તેમ નથી.'' જેમ સ્વર્ગારોહણમાં મૌનનો સફળ પ્રયોગ કરીને બધા ભક્તોને મૌની બનાવી દીધા, તેમ હવે બધા ભક્તોને અધ્યાત્મવાદી બનાવીને જ રહેશે. મેં પણ એક વર્ષ માટે નિયમ લીધો છે. તા.૧૯/૦૧/૨૦૧૭ સુધીમાં ઓછામાં ઓછા ૧ કરોડ જપ અને ૬૦ દિવસનું મૌન એકાંત. ભારતના ભક્ત હોય કે વિદેશના નાના–મોટા નિયમ તો બધા જ લઇ શકે. જે લોકો નિવૃત્ત છે તે તો ધારેલી સાધના પાર પાડી શકે છે, પણ મન હોય તો માળવે જવાય.

પૂ.માએ કહ્યું કે હેલી સતત અનરાધાર વરસી રહી છે. તેથી તો પેલા વાચસ્પતિજી, કેલી અને ક્રિષ્ના ભિંજાયા વિના રહી શક્યાં નહીં. તેઓ પૂ.માના દિવ્ય ચિન્મય તનુમાં પ્રકાશનું દિવ્ય દર્શન પામ્યા. હે મા, અમારામાં આવી પાત્રતા આવે એવી કૃપા

કરો. છત્રી લઇને આવેલા તો કોરા જ રહેને? હે મા, અમારી બધી છત્રીઓના કાગડા કરી દો. બધી છત્રીઓને ઊડાડી દો. જેથી અમે કોરા ન રહીએ. ભક્તિભાવથી પૂરેપૂરા ભીંજાઇ શકીએ. પૂ.મા તો પ્રેકટીકલ છે. આપણે બધા હરિરસની હેલીમાં છત્રી લઇને નહોતા આવ્યા. તેની ખાત્રી તો આપણે બધા ભક્તોએ નિયમ લઇને જ આપવી પડશે.

હરિરસની હેલીમાં ગવાયેલા પદોની જે ધારદાર પંક્તિઓ છે. જે રોમરોમને પ્રકાશિત કરી અધ્યાત્મ પ્રતિ પ્રેરનારી છે, જે મને ખૂબ ગમે છે, તેવી થોડી પંક્તિઓ અહીં મૂકી છેઃ–

૦ અમે તો ગુરુનાં ઘરમાં રમીએ
અમે તો સંસારી ફળીયે ના ફરીએ.
૦ અમે ખીલીને ઝૂકી જઇએ
હરિ તારા ચરણમાં રહીએ.
૦ મધુર છે તું સઘળું મધુરુ
લાગે મુજને ના એ અધુરુ.
૦ શરણ સ્વીકાર્યું શા કાજે?
યાદ કરી લો મુકામ હવે
વિસ્તરનો વાળો બિસ્તર
યાદ કરી લો મુકામ હવે.
૦ મૌન કરી દો, મૌન કરી દો
સર્વ દિશાથી મૌન કરી દો
સઘળા માર્ગો શાંત કરી દો

લક્ષ્મણ રેખાએ સ્થિર કરી દો
વરદ હસ્તથી સઘળુ હઠાવો
એક તમારું નામ જપાવો
એક તમારું નામ જપાવો.
૦ પ્રભુદ્વારે તિરાડ પાડે રે
જોઈ શકીએ તમને
જગનાં વિષયોને માણ્યા
એણે દરિયામાં ડૂબાડ્યા
તમે સૌને સહજમાં તાર્યા રે..જોઇ શકીએ.
રાત દિવસ રૂપ નિહાળુ,
વિષયોને મારો તાળુ
આ જીવન બનો તમારુ રે..જોઇ શકીએ.
૦ લક્ષકોટી પાપપૂંજને
બાળવાને ભરી લે બાથ રે
સર્વેશ્વરી જાગ જરી
તેર કરોડ મંત્ર જાપને
મેં તો માની છે. ચપટી ધૂળ રે
સર્વેશ્વરી જાગ જરી
મંત્રજપનાં માંડવે
હું તો ઊભો છું જોતાં વાટ રે
સર્વેશ્વરી જાગ જરી.

૦ પ્રતિબિમ્બ પ્રભુ મુંજને બનાવો,
જગને એમાં રૂપ બતાવો
એકાંતે પ્રતિમાને ઘડીલો
જ્ઞાન વૈરાગ્યનાં ટાંકણે ટંકારો.
૦ પ્રભુ આપ છો સૌના પૂર્ણ વિરામ
મને ધરી દો સાચો પૂર્ણ વિરામ
પૂર્ણ સમર્પણ પૂર્ણ આ દર્પણ
પૂર્ણ પ્રતિબિંબ પાડી દો—પ્રભુ.
૦ આ જીવનને મંદિર કરી દો
ત્રિલોકનું મહાતીર્થ કરી દો
સર્વેશ્વરીનું વિસર્જન કરી દો
સર્વ સ્વરૂપે આપ બિરાજો.
૦ અમારા જીવનમાં આવ્યા
અમે તો ત્યારથી ફાવ્યા
અમારા સળગતા સંસારમાં
અમૃત વરસાવ્યા
કર્યું કંઇ કેટલુંયે છતાં
પૂરે પૂરા અમે ના વર્યા
આ પરમ સખા
પ્રેમના પૂર્ણ સ્વરૂપ જો
એ તો પ્રેમથી થાય પ્રસન્ન જો
રે...પ્રેમ સર્વ સાધનાનો સાર રે.

જ્ઞાની પંડિત આંગણે રમતા
પ્રેમી રમે પ્રભુ પાસ.
૦ મને તો ગુરુ મુખી બનાવો
ગુરુનો જીવન મંચ બનાવો
સદ્‌ગુરુ વચનો ઝીલી ઝીલીને
દર્પણ ગુરુનું બનાવો...મને તો...

પૂ.માએ બારીમાંથી સૂર્યમુખીનું ફુલ જોયું ને કેવું સરસ ગુરુમુખીનું પદ લખાયું. બે પ્રકારના શિષ્ય હોય છે એક ગુરુમુખી અને બીજો સ્વછંદી. ગુરુમુખી એટલે ગુરુની આજ્ઞાનું બુદ્ધિને વચ્ચે લાવ્યા વિના આંખો મીંચીને પાલન કરવું તે. સ્વછંદી એટલે ગુરુની આજ્ઞા પ્રમાણે નહીં પણ પોતાની પ્રકૃતિ મુજબ મન ફાવે તેમ વર્તવું તે. સ્વછંદીનો વિકાસ નથી. સમર્થ ગુરુ જે આજ્ઞા આપે તે શિષ્યનાં જન્માંતરનાં કર્મોને ધ્યાનમાં રાખીને આપતા હોય છે. તેથી ગુરુની આજ્ઞાપાલનમાં જ શિષ્યનું પરમ કલ્યાણ હોય છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

એકાદશી વ્રતથી વૈકુંઠ

—યોગેશ્વરજી

એકાદશીને માટે જનસમાજમાં પેલી પ્રસિદ્ધ પંક્તિ વારંવાર ગાવામાં આવે છેઃ 'એકાદશી કરીએ તો વૈકુંઠ પામીએ,' એ ગીતવચનમાં વિશ્વાસ રાખીને કેટલાક લોકો મરણ પછી વૈકુંઠ પામવાની અભિલાષાથી પ્રેરાઈને એકાદશીનું વ્રત કરતા હોય છે. એકાદશીવ્રતના મહિમાની કથાઓ પણ પ્રસિદ્ધ થઈ છે. એ કથાઓનું પારાયણ એકાદશીને દિવસે કરવાની પરિપાટી છે. એકાદશીના વ્રતપાલનથી અમુક માણસને અમુક ફળ મળ્યું, અને અમુક સ્ત્રી કે પુરુષની અમુક ભાવનાની પૂર્તિ થઈ, એવાં એવાં વિધાનોથી ભરપૂર વાર્તાઓ વાંચીને, એમાં કહેલી ફળશ્રુતિથી આકર્ષાઈને બીજા ભાવિક લોકો પણ વ્રત કરવા પ્રેરાતા હોય છે. સામાન્ય રીતે મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે વ્રત કે તપને ખાતર વ્રત કે તપ કરવાની પ્રેરણા એને ભાગ્યે જ થવાની. એ વધારે ભાગે ગણતરીબાજ હોય છે. દુન્યવી વસ્તુ અને વિષયોનું આકર્ષણ એને સદાયે થયા કરવાનું. એ ઉપરાંત, મરણોત્તર સુખશાંતિ ને સદ્‌ગતિઓની પ્રાપ્તિની સંભાવના હોય તો એમના અનુષ્ઠાન માટેનો રસ એનામાં અવશ્ય ઉત્પન્ન થવાનો. મનુષ્યસ્વભાવની એ વિશેષતાને ઓળખીને એને સત્કર્મમાં પ્રેરવા માટે જુદી જુદી ધર્મક્રિયાઓની ફળશ્રુતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. એ ફળશ્રુતિઓ ઈહ લોક તથા પરલોક બંનેની સાથે સંબંધ ધરાવનારી છે એ ખાસ યાદ

રાખવાનું છે. એકાદશીની ફળશ્રુતિ પણ એ સંદર્ભમાં જ સમજી લેવાની છે.

★

જનસમાજમાં એવી રીતે એકાદશીનું પરંપરાગત વ્રત ચાલ્યું આવે છે, પરંતુ તેની પાછળ જે આધ્યાત્મિક મર્મ છે તેને વ્રત કરનારા ભાગ્યે જ સમજે છે, તે મર્મ ખરેખર સમજવા તેમ જ યાદ રાખવા જેવો છે. ઉપનિષદમાં શરીરને દસ બારણાંવાળા નગરની સાથે સરખાવવામાં આવ્યું છે. ગીતામાં नवद्वारे पुरे કહીને શરીરને નવદ્વારવાળું નગર કહ્યું છે. તો ઉપનિષદમાં બીજે એક ઠેકાણે पुर एकादशं द्वारम् એવો ઉલ્લેખ કરીને શરીરને અગિયાર બારણાંવાળું નગર કહેવામાં આવ્યું છે. શરીરરૂપી નગરનાં એ નવ, દસ કે અગિયાર દ્વાર કયાં છે? ઈન્દ્રિયો. મનનો પણ એ ઈન્દ્રિયો અથવા તો દ્વારમાં જ સમાવેશ થઈ જાય છે. એ ઈન્દ્રિયો અથવા તો બારણાંની મદદથી જીવાત્મા બાહ્ય જગતનો અનુભવ કરે છે. એના વિવિધ વિષયો ને પદાર્થોને ભોગવે છે અને એની પ્રતિક્રિયારૂપે સુખી અથવા દુઃખી થાય છે. શરીરનાં એ કુદરતી બારીબારણાંને બંધ કરીને જે શાંતિપૂર્વક સ્થિરતાથી એક આસન પર એકાંતમાં બેસે છે, તેને એવા એકધારા લાંબા અભ્યાસના ફળરૂપે, પોતાની અંદર રહેલી પરમાત્માની પરમ જ્યોતિની ઝાંખી થાય છે, અને પરમ શાંતિ તથા મુક્તિ મળી જાય છે. તેના હૃદયની ગાઠો તૂટી જાય છે, અને સંશયો છેદાઈ જાય છે. આ છે સાચું એકાદશીવ્રત અને સાચા એકાદશીવ્રતનો મહિમા. એકાદશીના જ દિવસે નહિ

પરંતુ પ્રત્યેક દિવસે આવું સંયમશીલ આત્મશાંતિ આપનારું સાધના વ્રત કરવું જોઈએ. તો જ તેનો ધારેલો લાભ મળી શકે. અને પ્રત્યેક દિવસે કોઈ કારણથી નિયમિત રીતે એવું વ્રત ના કરાય તો એકાદશીને દિવસે તો ગમે તેમ કરીને પણ વખત કાઢીને કરવું જ જોઈએ. એવું વ્રત કરવાથી શાંતિ, મુક્તિ ને પરમાત્મદર્શનરૂપી વૈકુંઠ જરૂર મળે. અલબત્ત, એ વૈકુંઠની પ્રાપ્તિ શરીર છોડ્યા પછી નહિ પરંતુ શરીર છોડ્યા પહેલાં જ થઈ જાય.

શરીરનાં અગિયાર બારણાંને બિલકુલ બંધ કરીને અંદરને અંદર રહેલા પરમાત્માના પરમ પ્રકાશનું દર્શન કરવાનું કામ કાંઈ ધાર્યા જેટલું સહેલું નથી. તેમાં મદદ મળે તે માટે, સૌથી પહેલાં તો ઈન્દ્રિયોનાં એ બારણાંમાં વિશુદ્ધ પવનનો પ્રવેશ થાય તેવું કરવું જોઈએ, એટલે કે આંખ દ્વારા સારું જ જોવાય, કાન દ્વારા સારું જ સંભળાય, મન દ્વારા સારું ચિંતનમનન કે સારા સંકલ્પવિકલ્પ થાય, અને એવી રીતે બીજી બધી ઈન્દ્રિયો શુભમાં જ પ્રવૃત્ત થા. તથા અશુભ તરફ ભૂલેચૂકે પણ ના જાય, એવી કોશિશ કરવી પડશે. એવી કોશિશ પણ જો કે હમેશાંને માટે કરવાની રહેશે, પરંતુ અગિયારસને દિવસે તો એને માટે ખૂબ જ જાગ્રત રહેવું પડશે. લોકો અગિયારસનું વ્રત કરે છે અને બીજાં બધાં વ્રત પણ કરે છે, પરંતુ એવી જાગૃતિ ભાગ્યે જ રાખે છે. એને લીધે વ્રતનો સાચો આનંદ નથી મળતો, તથા તેની મદદથી જેવો આત્મવિકાસ થવો જોઈએ એ તેવો વિકાસ પણ નથી થતો. આજે તો એકાદશીવ્રત છે અથવા બીજું વ્રત છે, માટે બીજા

દિવસે ગમેતેમ થતું હોય પણ આજે તો જૂઠું ના જ બોલાય કે ક્રોધ ના જ કરાયઃ આજે તો શારીરિક સંયમ કે પવિત્રતાનું પાલન કરવું જ જોઇએ અને કટુ વચન ના બોલાયઃ આજે તો કોઇની સાથે છેતરપીંડી ના જ થાય દગો ના જ રમાય, ખોટું જોખાય—તોલાય કે લખાય નહિ, તેમ જ વ્યસન પણ ના થાય. આજે તો કોઇને મદદરૂપ થવું જ જોઇએ અને કોઇક સારું કામ પણ કરવું જોઇએ. એવો આગ્રહ જો ખરેખર રાખવામાં આવે ને તે પ્રમાણે ચાલવામાં આવે, તો તમને નથી લાગતું કે વ્રત કરનારના જીવનમાં—તન મન અને અંતરમાં, વિશુદ્ધિનું વૈકુંઠ ઊતરી જાય? અને સંસારમાં બધે જ જો એવું વ્રતપાલન થાય તો સમસ્ત સંસાર વૈકુંઠરૂપ થાય એમ પણ નથી લાગતું? વ્રતની યોજના એટલા માટે જ હતી, પરંતુ એવું વ્રતપાલન અત્યારે ક્યાં થાય છે ને કેટલા કરે છે?

અત્યારે તો વ્રત કે ઉપવાસની પાછળ જે આરોગ્યની ભાવના છે તે પણ ભાગ્યે જ સચવાય છે. ભારતના સમાજશાસ્ત્રીઓ થોડાક વધારે ઉદાર હતા. તેથી તેમણે વ્રત કે ઉપવાસના દિવસોમાં ફળાહાર કરવાની અનુજ્ઞા આપી. એ ફળાહાર પણ અત્યંત સૂક્ષ્મ, અલ્પ અને એક વાર. પરંતુ ફળાહારના નામ પ્રમાણે પ્રજાએ ફળાહારમાં કેવળ ફળનો જ સમાવેશ કરવાને બદલે, બટાટા, શકરિયાં, રબડી, શિખંડ ને મીઠાઇથી માંડીને રાજગરાનો શિરો, પૂરી, ફરાળી ભજિયાં, હલવો, કઢી ને સામાનો ભાત સૌનો સમાવેશ કર્યો. એવી રીતે

ફળાહાર સૂક્ષ્મને બદલે ભગવાનના વિશ્વરૂપ જેવો અતિસ્થૂળ અને વિશાળ બની ગયો. આજે એની એ જ દશા છે. પરિણામે કેટલાંક ઘરોમાં તો ઉપવાસને દિવસે સ્ત્રીઓને ભારે માઠું લાગે છે. તેમની પ્રવૃત્તિ વધી પડે છે ને તેમની સ્થિતિ કફોડી બને છે. ફરાળ બનાવવામાંથી તે ઊંચી જ નથી આવતી અને એવું ફરાળ પણ કાંઇ એક વાર થોડું થાય છે? એનું નામ જ ફરાળ એટલે એનો કોઇ નિયમ જ નહિ. એ તો ગમે તેટલી વાર કરી શકાય. બે કે ત્રણ વાર તો ખરું જ. આમાં આરોગ્યનો મહિમા ક્યાં સચવાયો? આરોગ્યનો મહિમા સાચવવો છે જ કોને? સ્વાદનો મહિમા ના સાચવે! અને આવા આકર્ષક સુંદર ફરાળવાળા વ્રતની આગળ—પાછળનો ઇતિહાસ જાણો છો? વ્રતની આગલી રાતે જરાક મોડું જમવા બેસે ત્યારે ઘરવાળાં પણ આગ્રહ કરીને બે રોટલી વધારે ખવડાવે ને કહે કે કાલે તો ઉપવાસ છે માટે શાંતિથી જમો. શી ઉતાવળ છે? બીજે દિવસે ઉપર કહ્યું તેવું ભરપેટ ફરાળ થાય, ને રાતે સૂતાં પહેલાં જ કહી દેવામાં આવે કે આજે મારે ઉપવાસ છે માટે કાલે રસોઇ જરા વહેલી બનાવજો. આવા ઉપવાસ આરોગ્ય રૂપી વૈકુંઠમાં કેવી રીતે પહોંચાડે? અનારોગ્યના નરકમાં પહોંચાડે તો ભલે. એ દિવસે ઘરની સ્ત્રીઓને આરામ તો મળે જ ક્યાંથી? ભારે ખોરાક ખાવાથી આળસ આવે, ઊંઘ આવે ને ભગવાનના ભજનને બદલે સ્વપ્નાની પરંપરા ચાલે તે નફામાં. વ્રત કે ઉપવાસનો આખો ઉદ્દેશ માર્યો જાય છે.

વ્રતને દિવસે કેવળ દૂધ લેવાય તો સારું, તે શક્ય ના હોય તો ફળ લઈ શકાય. નહિ તો એક વારનું સાધારણ ફરાળ લઈ શકાય. એ દિવસે સદ્વિચાર, સદ્વાચન ને સત્કર્મ કરવાનો આગ્રહ રખાય તે મહત્ત્વનું છે. તો વ્રત લાભકારક થઈ શકે. હું તો એકાદશીને દિવસે ફક્ત દૂધ જ લઉં છું. એટલે બારસને દિવસે જ ચમત્કાર થાય છે. પેટ સાફ થઈ જાય છે. મળ તંદુરસ્ત શરીરને છાજે તેવો નીકળે છે. એટલે કોઈ મને પૂછે કે એકાદશી કરવાથી વૈકુંઠ મળે છે? તો હું તો તરત ઉત્તર આપું છું કે દર બારસે આરોગ્યરૂપી વૈકુંઠ મળે છે. એટલું બધું વહેલું. તેમાં વિલંબ નથી લાગતો.

વ્રતની પાછળની ભાવના એવી રીતે ત્રિવિધ છે : સ્વાસ્થ્યની ભાવના, જીવનની સુધારણા ને પ્રભુપરાયણતાની ભાવના તથા પરમાત્માની પ્રાપ્તિ કરીને પરમ શાંતિ મેળવવાની ભાવના. એ ભાવનાને સાર્થ કરીએ તો જીવન સફળ થાય.

વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩

હાશ®

મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી

★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, **રાજકોટ–૩૬૦૦૦૨**

પૂ.માની સ્લેટની અદ્ભુત વાતો–ભાગ–૨

(ગતાંકથી ચાલુ) **સંકલન : મયૂરી ટેલર**

સાધકબેન શ્રી મયૂરીબેન ટેલરે તા.૨૯/૦૩/૨૦૧૬ અને તે પછીના દિવસોમાં પૂ.માની સ્લેટમાં જે જે લખાયું, તેની સરસ નોંધ કરી છે. તે વાંચતાં લાગ્યું કે પૂ.મા, તેઓની સાધના ને અનુભૂતિઓ, તેમજ પૂ.ગુરુદેવ યોગેશ્વરજીને સમજવામાં તે જરુરથી ઉપયોગી થઈ શકે છે, તેથી અધ્યાત્મના વાંચકોના લાભાર્થે તે અત્રે રજૂ કરવામાં આવી છે. વાંચકો તે વાંચે ને શાંત ચિત્તે વિચારે તો તેની અસર જીવન પર જરુરથી પડશે–એવો વિશ્વાસ છે. આવી સરસ અક્ષરઃ સહ નોંધ કરવા બદલ અભિનંદન. નોંધ લાંબી હોઈ, તેને બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. આ અંકમાં આ બીજો ભાગ રજુ કરવામાં આવેલ છે, જેનો વિષય છે પ્રકાશના પંથે–પૂ.શ્રીની આત્મકથા આધારિત પ્રસંગો ભાઈ રાજીવ જાનીએ–ત્રણ દીકરીઓની સહાયથી અભિનય દ્વારા રજૂ કર્યા છે, તે અંગે તથા પોતાના વ્રત પછીના અનુભવ વગેરે પૂ.માએ પોતાનો પ્રતિભાવ આપ્યો છે. હવે તે વાંચો.

–તંત્રી

''પ્રકાશપંથ''

–''પ્રકાશના પંથે'' નામ જ સરસ. આપણે જ પ્રકાશના પંથે જાગતા જાગતા ચાલતા રહેવાનું છે.

–આ આખા કાર્યક્રમને CD કે DVD રૂપે પણ સૌના હાથમાં મૂકી શકાય.

—ખૂબ જીવંત લાગશે, અને આપણો હેતુ સરસ રીતે પાર પડશે.

—આ આખા કાર્યક્રમમાં ખરેખર કોણે કોણે નાની—મોટી મદદ કરી છે?

—માને એક વિચાર એવો આવ્યો કે જેમણે જેમણે આમાં પરિશ્રમ રેડ્યો છે, તેટલા જ સ્વજનો સાથે એક યાત્રા થાય, ને રોજ રોજ આ ગ્રંથને હજી પણ વિસ્તારથી ઉંડાણથી યાત્રાની દરેક ક્ષણો તેમાં વિતાવીને એ પ્રકાશ આપણે ઝીલી શકીએ.

—રાજીવનું ગુજરાતી સાહિત્યનું ઘણું સારું ભાથું આ લેખનમાં ઉઘાડી આંખે જોઈ શકાય છે.

—ભાઇ નિલેષનો ભક્તિભાવભર્યો પહાડી કંઠ ને જયુનો કેળવાયેલો કંઠ—અશ્વિનભાઇ, સોનલ કે ગાયત્રી સૌના સહયોગ વિના આટલું મોટું કામ પાર ના પડે.

—આ દીકરીઓને ઘડવા જાણે પ્રભુ પસંદ કરીને પોતાના જ ગ્રંથથી સજાવવાનું નક્કી કર્યું છે.

—જીવનના ખૂણે ખૂણેથી શ્રદ્ધા—ભક્તિ જગાડવાનું નક્કી કર્યું છે.

—આ એકથી **જીવન પરિવર્તનની** ઘણી શક્યાઓ ઊભી થઇ છે.

—આ ત્રણે દીકરીઓ જાણે મોઢે જ બોલતી હોય તેવું લાગતું હતું.

—કેટલું બધું ઉતાર્યું છે? ખૂબ સરસ. પ્રયત્ન છે.

—બે દીકરીઓ ભણી લે એટલે રાજીવકાકા યાત્રાનું આયોજન કરશે.

—આજે તો ભણતાં ભણતાં તમે ખૂબ સમય આપીને પરિશ્રમ કર્યો છે.

—પણ અભ્યાસ પૂર્ણ કરીને યાત્રાનું જે આયોજન ‘‘પ્રકાશના પંથે’’ને સમજવાં થાય તો તો મા પણ તમારી સાથે જોડાય જ. (યાત્રામાં)

—રોજ રોજ વિવિધ પ્રકરણની પ્રદક્ષિણા, એની જ પૂજા અને એની જ આરતી.

—ખૂબ સરસ પ્રયત્ન સૌનો!

—ખૂબ સરસ બધી જ રીતે જીવંત બની ગયું, તાજું થઇ ગયું. પ્રેરણાનું ભાથું બંધાવી ગયું. ખૂબ સરસ.

—છ—આઠ મહિનાની મહેનત છે.

—(પ્રભુના પાત્રમાં ઉર્વશીબેન હતાં.)

મા:—ઉર્વશીબેન પ્રભુના અભિનયમાં એવાં એકલીન થઇ જાય છે કે કદાચ એક મહિનો જો સતત ભજવે તો તો જીવન દસે દિશાથી ઉપર ઉઠે.

—આ સ્વર્ગારોહણ જાણે રત્નોનો ભંડાર છે.

—વિવિધ ક્ષેત્રનાં રત્નો અહીં ઝબકતાં, ઝળહળતાં જોવા મળે છે.

—ગઇરાત્રે એક નાની દીકરી મા પાસે ડરતી શરમાતી આવી.

—મા એ પૂછ્યું શું છે? તારી પરીક્ષાના સર્ટીફીકેટ છે?

—કહે ના, મા. એમ કહી દીકરીએ ન્યૂઝપેપરનાં પાંચ—સાત પૃષ્ઠો માના હાથમાં મૂક્યાં.

—એ છોકરીનું નામ મિત્રા. (જેનું એક લખાણ મે, ૧૬ના અંકમાં પ્રસિદ્ધ થયું છે)

—આ મિત્રાબેન કેટલી નાનકડી છે! તેની કલમે પ્રભુ અંગ્રેજી કવિતા લખાવે છે અને તે Times of India માં પ્રકાશિત થાય છે.

—નાની ઉંમરે પણ આટલું સરસ! કોઈની પ્રેરણા વગર! આવું ના બને. ખૂબ સરસ. પોતાના તપ વિષે વાત કરતાં, પૂ.મા નોંધે છે, ૧૦૮ દિવસ ફક્ત નારિયેલ પાણી ઉપરના ઉપવાસ કરીને અમે ગંગાજી પહોંચ્યાં.

—જેવાં ગંગાજળમાં પ્રવેશ્યાં. ત્યાં એક અદ્‌ભુત અલૌકિક અનુભૂતિનો પ્રારંભ થયો.

—જે પૂરા સાડા ચાર કલાક ચાલ્યો ને અમૃતતત્ત્વને માણ્યાં પછી આ પદ લખાયું.

અમૃતના ઓડકાર શાને સખી

એ વાતને વીરલા માણે રે.

સાડા ચાર કલાક સંપૂર્ણ જાગૃતિમાં એ દૈવી અનુભૂતિ. એટલે માંગ્યું કે અમૃતના ઓડકાર શાને!

—સાધન કરાવી તો લે છે પૂરી નિષ્ઠાથી. ને ફળ પણ ધરતા રહે છે. પોતે પ્રામાણિક બનીને માપતા રહે છે. સાંજના સત્સંગમાં ધૂન ગવાતી હતી. પાંડુરંગા...પાંડુરંગા...દર્શન દે પાંડુરંગા...

પૂ.માની પધરામણી થતાં જ ધૂન બંધ કરી દીધી.

મા કહે:—દર્શન ના થાય ત્યાં સુધી ગાવાનું હોય છે.

—કાલે તો ધૂન છોડીને ગાડી ઉપડશે ને અહીં ગાય છે. દર્શન દે...દર્શન દે...

—કેમ ધૂન બંધ કરી?

—આપણે વાંચીએ, સમજીએ, જાણીએ...બે મિનિટ યાદ કરીએ ને નમીએ...ને પાછા માનવભાવમાં મન શંકા—કુશંકામાં અસ્થિર થવા માંડે.

—ભગવદ્‌ભાવ ૨૪ કલાક ટકતો નથી.

—જો ટકી જાય તો તો કોઈ સાધનાની જરુર નથી.

—પણ આપણે ખૂબ જલ્દી ભૂલી જઈએ છીએ.

—કોઈ સંત આપણી સામે મીઠા મધુરાં જ હોય તો ખૂબ ગમે.

—જરાક આંખ કાઢે તો આપણું મન તરત ટીકા કરે.

—એટલે ખરેખર તો ગાતા હોય તેમાં જ ખોવાઈ જાવ.

—મગ્ન બની જાવ મસ્ત બની જાવ.

—કોણ ગાય છે, કોણ ઝીલે છે, રાગ—તાલ, બધુ જ ભૂલાઈ જાય.

—તો પછી પ્રભુ વિચારે કે ચાલ સ્વર્ગારોહણ ઘણા દિવસ થઈ ગયા..ચાલ, જઈ આવું!

—ભાવ પ્રકટાવવો, ભાવ ટકાવવો એ પણ ઘણી મહેનત માંગી લે છે.

—એક સરખો પ્રેમ, શ્રદ્ધાભક્તિભર્યો ભાવ વાવાઝોડામાં ઉડતો રહે છે.

—માંડ શ્રદ્ધા દૃઢ કરી, ત્યાં જ નોકરી ગઈ. તો પાછા જૈસે થે!

—એટલ કૃપા વિના ભાવ પણ ના પ્રગટે, ને પ્રગટેલો સ્થિર પણ ના બને.

—આ સ્લેટ પણ ખરી છે..ક્યાંથી ક્યાં..!

(ભક્તો પ્રાર્થના કરે છે કે મા ભાવ રહે તેવી કૃપા વરસાવો..)

મા કહે વરસતા વરસાદમાં ૫૦% બારી બારણાં બંધ કરીને ઘરમાં ભરાઇ ગયા તો બિચારો વરસાદ શું કરે?

ભક્તો કહે—મા, વાવાઝોડું એવું લાવો કે બંધ બારી—બારણાં પણ તૂટી જાય.

મા જવાબ આપતાં કહે છે કે—તૈયારી બંને પક્ષે ખૂબ જરુરી છે.

રાગઃ—પ્રભુ દ્વારે તિરાડ

પદ

(૧) હરિ કાનમાં આવી કહી જા રે
ક્યારે તું આવે...
(૨) હરતી ફરતી એક સવારી
બારણાંમાં જોને આવી ઊભી.

ગાઇ ગાઇને થાકે, પછી ધ્યાનમાં એને પકડવા મથે.

—મથતાં મથતાં ભણકારા સાંભળે, ને સાચે જ એક દિવસ આંગણે ઉભેલા જુએ.

—સ્વરૂપો સામે કલાકો સુધી ગાયા કરે, ને પછી થાકે. એટલે ટગર ટગર સ્વરૂપની આંખને જોયા કરે. કંઇક હાલે છે! કંઇક બોલે છે!

—એવી વાટ જોતાં—જોતાં તે સ્વરૂપ સાથે દોસ્તી બાંધે.

—આ બધા ક્રમ છે.

—વર્ષો વીતી ગયાં, આ બધાં ક્રમમાંથી પસાર થતાં રહ્યાં.

—ને સાચે જ એ પ્રગટે છે. એવી પ્રતીતિ પણ ધરતા ગયા.

—આ કલમ એવી અનુભૂતિમાં ઝબકોળાઇને આવી રહી છે.

—લૂખીસૂખી નથી.

—અનુભૂતિથી ભીની થઇને ઉતરી રહી છે.

—શબ્દોની રમત નથી કે સાથિયા પણ નથી.

—જે અનુભવ્યું તે કલમે નીતરતું રહ્યું.

—કોઇ ગાય કે ના ગાય, કોઇ નોંધે કે ના નોંધે, એમાં માને શું?

—આ તો સહજ ગવાતું હોય તો નોટ (ભજનની) આપવાનું બનતું રહે છે.

—સાચી વાત તો એ છે પ્રભુને કોઇ જ ના મળ્યું એટલે આ માના પાત્રને પકડ્યું.

રાગ શું માંગું રે..

પદ

કોઇ ના મળ્યું એને કોઇ ના મળ્યું,
સર્વેશ્વરી વિના એને કોઇ ના મળ્યું.

નામ જપ વિષે—પૂ.શ્રીનું માર્ગદર્શન

(ગયા અંકથી આગળ) —યોગેશ્વરજી

પ્રશ્નઃ જપ સાથે ધ્યાન થાય ખરું?

ઉત્તરઃ જરુર થાય. જપ બે રીતે કરી શકાય છે. એક તો કેવળ મંત્રનું રટણ કરતાં કરતાં ને બીજું મંત્રના રટણ સાથે આંખ મીંચીને, કોઇ સ્વરૂપનું ધ્યાન કરતાં કરતાં.

પ્રશ્નઃ એવી રીતે કરવાથી કોઇ વિશેષ લાભ ખરો?

ઉત્તરઃ લાભ કેમ નહીં. એકલા જપ કરવાથી મનને સ્થિર કે શાંત કરવાનું કામ મુશ્કેલ થઇ પડે છે. પરંતુ જપ જો ધ્યાનથી કરવામાં આવે તો મન જલદી એકાગ્ર કે શાંત થાય છે. કેમ કે મનનો એક ભાગ જપ કરવામાં ને બીજો ભાગ કોઇ સ્વરૂપના ધ્યાનમાં લાગેલો રહે છે. એટલે બહારના વિષયોમાં મનને ભટકવાનો વખત બહુ ઓછો રહે છે. એ પદ્ધતિથી મન વધારે સહેલાઇથી સ્થિર થઇ શકે છે.

પ્રશ્નઃ જપ કરતી વખતે કઇ વસ્તુનું ધ્યાન કરવું જોઇએ?

ઉત્તરઃ એને માટે કોઇ એક નિયમ નથી. દરેકે પોતાની રુચિ કે રસવૃત્તિ પ્રમાણે પસંદગી કરવાનું કોઇ કારણથી શક્ય ના હોય, તો કોઇ અનુભવી પુરુષની સલાહ લેવી જોઇએ. ઈશ્વરના કોઇપણ સ્વરૂપનું ધ્યાન કરી શકાય છે. કોઇ દેવી, દેવતા, કે અવતારી પુરુષ અથવા સંતનું ધ્યાન કરી શકાય છે. જ્યોતિ કે કમળનું ધ્યાન કરી શકાય છે અને એવી કોઇ પણ વસ્તુનું ધ્યાન ના કરવું હોય તો જપ કરતી વખતે મનની વૃત્તિને હૃદય કે બે ભ્રમરની મધ્યમાં જોડી શકાય છે. એ પણ ધ્યાનનો જ એક પ્રકાર છે. પરંતુ જે પણ પદ્ધતિને પસંદ કરવામાં આવે, તેને વફાદાર રહીને છેવટ સુધી વળગી રહેવું જોઇએ. જપ ને ધ્યાનની પદ્ધતિને વારંવાર બદલ્યા કરવાથી, ધારેલો લાભ થવામાં વિલંબ થાય છે.

પ્રશ્નઃ જપ કેટલી જાતના કહેવાય છે?

ઉત્તરઃ જપના મુખ્ય પ્રકાર ત્રણ કહેવાય છે : વાચિક જપ, ઉપાંશુ જપ, ને માનસિક જપ.

પ્રશ્નઃ એ ત્રણે વિશે ઊડતો ખ્યાલ આપી શકશો?

ઉત્તરઃ જરુર. જ્યારે જપ હોઠથી બોલાય છે ને બીજા સાંભળી શકે એવી રીતે બોલાય છે, ત્યારે તે જપ વાચિક કહેવાય છે. જ્યારે હોઠથી બોલાય છે, પરંતુ કોઇ બીજું સાંભળી શકે નહીં એ રીતે બોલાય છે. અથવા તો શાંતિપૂર્વક બોલાય છે, ત્યારે તે જપ ઉપાંશું જપ કહેવાય છે. ને જ્યારે હોઠ પણ હાલતા નથી, અને જપ કેવળ મનોમન કરવામાં આવે છે, ત્યારે તે જપને માનસિક જપ કહેવામાં આવે છે.

પ્રશ્નઃ એ ત્રણે જાતના જપમાં શ્રેષ્ઠ જપ કયા?

ઉત્તરઃ ત્રણે જાતના જપ શ્રેષ્ઠ તથા ઉપયોગી ને ધારેલું ફળ આપનારા છે. એથી એમનામાં કયા જપ શ્રેષ્ઠ છે ને કયા કનિષ્ઠ છે, એ પ્રશ્ન જ નકામો છે. આ ત્રણે જાતના જપ, સાચા અર્થમાં જો વિચારીએ તો, વિકાસને માટે મદદરૂપ એવા ત્રણ ક્રમ માત્ર છે. એટલે કે ત્રણે એકમેકના પૂરક છે.

પ્રશ્નઃ તે કેવી રીતે?

ઉત્તરઃ સાધારણ રીતે શરુઆતમાં સાધક વાચિક જપનો આધાર લે છે. એટલે કે તે હોઠથી બોલીને જપ કરે છે. કેમ કે મન સ્વાભાવિક રીતે જ ચંચલ હોવાથી આંખ બંધ કરીને, તેને સીધું જ માનસિક જપમાં લગાડવાનું કામ મુશ્કેલ થઇ પડે છે. મનને ધીમે ધીમે તાલીમ આપીને જપમાં જોડવું પડે છે. એટલા માટે, શરુઆત કરનાર સાધક હોઠે બોલીને જો જપ કરે તો બીજા વિચારો ઓછા આવે છે, મનની ચંચળતા આપોઆપ ઓછી થાય છે, અને એકાગ્રતા સહેલાઈથી સાધી શકાય છે. એવી રીતે કેટલાક વખત લગી અભ્યાસ કર્યા પછી, વાચિકને બદલે ઉપાંશુ જપ કરવા, અને છેવટે માનસિક જપનો આધાર લેવો. એમ કરવાથી મનને સ્થિર કરવાનું કામ ઘણું સહેલું થઇ પડશે. સાધક આવી રીતે ક્રમે ક્રમે કે પદ્ધતિસર જપ કરવાને બદલે, શરુઆતથી જ માનસિક જપ કરવા માંડે છે, ને પછી ફરિયાદ કરે છે કે મન સ્થિર થતું નથી. તેમાં જપનો દોષ નથી પણ તેમની પદ્ધતિનો જ દોષ છે. જે છેવટે કરવાના છે તે જાતના જપ પહેલા કરવામાં આવે તો મન એ અવસ્થાથી ટેવાયેલું ના હોવાથી, મુશ્કેલી ઊભી થાય જ. સાંકળના ત્રણ આંકડોની જેમ, આ ત્રણે જપ એકમેકને મદદરુપ છે. એમ સમજીને વારાફરતી એમનો આધાર લેવાય તો કામ સહેલું થઇ જાય.

પ્રશ્નઃ જપમાં આગળ વધ્યા એવું ક્યારે કહેવાય?

ઉત્તરઃ જપ કરતાં કરતાં એટલી બધી એકાગ્રતા થઇ જાય કે

મન બીજે ક્યાંય જાય જ નહીં, જપમાં જ રોકાઇ જાય, અને એટલો બધો આનંદ આવે કે વાત નહીં. બીજું બધું જ ભૂલાઇ જાય. જે સ્થાનમાં બેઠા હોઈએ તે સ્થાન, કાળ, ને પોતાનું શરીર પણ—એવી દશાની પ્રાપ્તિ થાય, અને એ દશા સ્વાભાવિક કે સહજ બની જાય, ત્યારે જપની સાધનામાં આગળ વધ્યા એવું કહેવાય છે.

પ્રશ્નઃ એ સિવાય બીજું કોઇ લક્ષણ છે ખરું?

ઉત્તરઃ કેમ નહીં? જપ કરતાં કરતાં મન જ્યારે નિર્મળ થાય છે, ત્યારે એની અંદર પરમાત્માને માટેના પરમ પ્રેમનું પ્રાક્ટય થાય છે. એ પ્રેમનો પ્રવાહ પછીથી સાધકના પ્રત્યેક પરમાણુમાંથી વહેવા માંડે છે. પછી તો જપ કરતાંવેંત એનું અંતર એક પ્રકારના અવર્ણનીય આનંદથી નાચી ઊઠે છે. અને રોમાંચ થાય છે, ને પ્રેમાશ્રુ આવે છે. જપ કરતી વખતે એ ઊંડા ભાવમાં ડૂબી જાય છે. કેટલીકવાર તો શરીરની સંજ્ઞા કે બાહ્ય ચેતના ભૂલી જવાથી, જપ કરવાનું કામ પણ એકાએક અટકી પડે છે. એ દશામાં કેટલોક વખત વીતી જાય છે, તેની ખબર પણ નથી પડતી. એ પણ જપમાં પ્રગતિ કર્યાનું મહત્ત્વનું લક્ષણ છે. અલબત્ત, એ જડતા, પ્રમાદ, આળસ કે ઊંઘની નિશાની નથી. પરંતુ પ્રેમ અથવા તો એકાગ્રતાને પરિણામે પ્રાપ્ત થતા વિકાસની છે. એ નિશાનીને શાસ્ત્રીય પરિભાષામાં યોગનિદ્રાને નામે પણ ઓળખવામાં આવે છે.

પ્રશ્નઃ જપ કરીને કોઇ કોઇ સાધકો કોઇ દુન્યવી વસ્તુની સિદ્ધિ કરે છે એ સાચું છે?

ઉત્તરઃ કેટલેક અંશે એ સાચું છે. એવા જપને અનુષ્ઠાન પણ કહેવામાં આવે છે. કેટલાક સાધકો બીજાને માટે પણ જપ કે અનુષ્ઠાન કરતા હોય છે. એથી કોઇ કોઇવાર ધાર્યા લાભ થાય છે પણ ખરા. છતાં પણ એવા અનુષ્ઠાન આત્મવિકાસની દૃષ્ટિએ બહુ આવકારદાયક નથી. જીવન બહુ ટૂંકુ છે, ઝડપી છે, ને કરવાનું કામ ઘણું મોટું છે. એટલા માટે સમજુ સાધકોએ બીજી બધી જ આવડતોમાંથી મનને પાછું વાળી લઇ, પરમાત્માનો જ સાક્ષાત્કાર કરવાનો પ્રયાસ કરવો જોઇએ. એ જ સિદ્ધિ પરમાત્માના સાક્ષાત્કારની સિદ્ધિ—સૌથી કીંમતી છે. મહત્ત્વની છે, મંગલમય છે, ને એને સાધવાથી જ પરમશક્તિ મળી શકે છે. એ સદાય યાદ રાખવાનું છે.

પ્રશ્નઃ કયા જપ સર્વોત્તમ છે?

ઉત્તરઃ જપમાં ઉત્તમ કે અધમ જેવું કશું જ નથી. બધા જ જપ સર્વોત્તમ છે, એમ સમજીને તમે જે ઠીક લાગે તે કોઇનો પણ આધાર લો, ને તે જપને પ્રેમ તથા શ્રદ્ધાપૂર્વક જપવા માંડો. એટલે તે તમારે માટે ચમત્કારિક થઇ પડશે. તમને ખબર નથી કે વાલ્મિકી રામ—રામને બદલે મરા—મરા કરીને તરી ગયા?? તમે પણ એવી નિષ્ઠાથી કોઇ જપનો આધાર લો તો જરુર તરી જશો. એમાં શંકા જ નથી.

પ્રશ્નઃ જપ અથવા મંત્ર કોઇ ગુરુ પાસેથી જ લેવો જોઇએ, બરાબર છે?

ઉત્તરઃ દરેક વખતે બરાબર નથી. જેને કોઇ ગુરુની મદદ મળે છે, તે ગુરુ પાસેથી લઇ શકે છે. પરંતુ જેને ગુરુની પ્રાપ્તિ

કોઇ કારણથી નથી થઇ, તેણે શું બગાસા ખાતાં બેસી રહેવું? ને પોતાના કલ્યાણ માટે કાંઇ જ ના કરવું? જીવન મહામૂલ્યવાન છે. તેની પળેપળ કીંમતી છે. તેને વેડફી દેવી બરાબર નથી એટલે જે ઠીક લાગે તે મંત્રને પસંદ કરીને જપ કરવાનું શરુ કરવું જોઇએ. જેને કોઇ બહારના ગુરુ નથી મળ્યા, તેના હૃદયમાં પણ પરમાત્મારૂપી ગુરુ તો રહેલો જ છે. તેના પર વિશ્વાસ રાખીને જે આગળ વધશે, તેને તે જરુર મદદ કરશે, ને પ્રકાશ બતાવશે. માટે ગુરુની રાહ જોઇને બેસી ના રહેવું. આવી રીતે બેસી રહીને વખત બગાડવાનો કોઇ જ અર્થ નથી.

પ્રશ્નઃ જે મંત્ર ગુરુની પાસેથી ના લીધો હોય તે ફળે ખરો?

ઉત્તરઃ એવી શંકા જ ના કરો. તમારો મંત્ર ગુરુના ગુરુ ઈશ્વર પાસેથી મળેલો છે એમ માનીને વિશ્વાસ તથા પ્રેમપૂર્વક તેનું રટણ ચાલુ રાખો. યાદ રાખો કે પ્રેમ ને વિશ્વાસ ફળે છે, ને તેથી ઈશ્વરની કૃપા સહેજે થઇ રહે છે. માટે મનને ડગાવનારી આશંકાને વિવેકની મદદથી કાયમને માટે હાંકી કાઢો.

પ્રશ્નઃ મને મારા ગુરુ તરફથી જે મંત્ર મળ્યો છે તે મંત્ર પ્રમાણમાં મોટો હોવાથી જલદી કંઠસ્થ થતો નથી. તો તેને બદલે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' જેવો બીજો મંત્ર સદાકાળ જપતા રહેવાય તો સફળતા મળે કે નહીં?

ઉત્તરઃ તમારો પ્રશ્ન મુદ્દાનો છે, ને સાધકો કે ભક્તોના વિશાળ વર્ગને સ્પર્શે છે. કેટલાય સાધકોને તમારા જેવી શંકા થતી હોય છે. ગુરુએ આપેલો મંત્ર લાંબો હોય, અથવા તો ટૂંકો હોવા છતાં પણ કોઇ કારણથી ના રુચતો હોય તો પોતાની રુચિ

કે પસંદગી પ્રમાણેનો બીજો મંત્ર જપવામાં હરકત કે દોષ નથી. મંત્રના જપથી જે સફળતા મળે છે તે તો જપના પરિણામે થતી હૃદયની નિર્મળતાથી તથા એકાગ્રતાથી અને તેને લીધે થતા પરમાત્માને માટેના પ્રેમથી મળે છે. એટલે એ મુદ્દાને લક્ષમાં રાખીને શ્રદ્ધાભક્તિપૂર્વક નિયમિત જપ કરશો તો જરુર લાભ થશે. જપ જડ કે યાંત્રિક ના બની જાય તેનું ધ્યાન રાખજો. સાથે સાથે ગુરુએ આપેલો મંત્ર મોટો હોવાથી જ પસંદ ના હોય તો, બીજા મંત્રની સાથે એ મંત્રની ઓછામાં ઓછી એક માળા તો ગુરુના ઋણને યાદ કરીને જપજો જ.

પ્રશ્નઃ ગુરુએ આપેલા મંત્રનો ત્યાગ કરવામાં ગુરુનો દ્રોહ નથી?

ઉત્તરઃ બિલકુલ નહીં. બધા ગુરુ શિષ્યની રુચિને જાણીને મંત્ર નથી આપતા. એટલે એ મંત્રને બદલી શકાય છે. હા, બદલવાની ક્રિયા ચંચળતાથી પ્રેરાઈને વારંવાર ના કરવી જોઈએ. નહીં તો એનો કાંઈ અર્થ નહીં રહે. બાકી શંકાશીલ બનીને જપ કરવા કરતાં જપ બદલીને નિશંક રીતે આગળ વધવું સારું છે. ગુરુના મંત્રનો સદંતર ત્યાગ કરવાની સલાહ હું નથી આપતો. એ વાત તો મારા પહેલાનાં પ્રત્યુત્તરની પરથી જ સમજી શકશો.

(ક્રમશઃ)

હરિનામ મધુર, હરિનામ મધુર, હરિ ગાઓ;
હરિરૂપ મધુર, હરિરૂપ મધુર, હરિધ્યાઓ.

હરિનામ મધુર છે તેથી હરિનામસ્મરણ કરો. હરિરૂપ મધુર છે તેથી હરિનું ધ્યાન કરો.

રમણ મહર્ષિના જીવનના કેટલાક પ્રેરક પ્રસંગો–૧

(ગતાંકથી ચાલુ) –શ્રી યોગેશ્વરજી

(૩) **સરળતા**

મહર્ષિ ભારે વિનોદપ્રિય હતા.

એ સાચા સ્વાત્મનિષ્ઠ સંત હોવાથી પોતાની મહત્તાને વધારવામાં કદી પણ રસ ના લેતા.

બાહ્ય સિદ્ધિઓ એમને કદી આકર્ષી ના શકતી. જે લોકો એમની પાસે જુદી જુદી સ્થૂલ સિદ્ધિઓનાં દર્શનની કામનાથી આવતા એમને એ આત્મસિદ્ધિને માટે ઉત્સાહિત કરતા.

તો પણ એમની આજુબાજુ સિદ્ધિની વિવિધ વાતો એમની ઈચ્છાની વિરુદ્ધ જ વહેતી રહેતી. એમાંની એક વાત એ અરુણાચલ પર્વત પર રહેતા તે વખતની હતી.

સ્કંદાશ્રમના નિવાસના એ દિવસોમાં માતા અલઘમ્મા પણ એમની સાથે રહેતાં.

એકવાર મહર્ષિ સ્કંદાશ્રમના શાંત ઓરડામાં સમાધિમાં મગ્ન બનીને બેઠેલા ત્યારે માતા અલઘમ્મા એ ઓરડાને બહારથી સાંકળ મારી બંધ કરીને શહેરમાં જવા ચાલી નીકળ્યાં.

મહર્ષિને સાધનારત હોવાથી એની ખબર ના પડી.

શહેરનું કામકાજ પૂરું કરીને માતા અલઘમ્મા પાછાં આવ્યાં તો એમના આશ્ચર્યનો પાર ના રહ્યો.

એમની બુદ્ધિ કશું કામ ના કરી શકી.

એમના અસાધારણ આશ્ચર્યનું કારણ એ હતું કે સ્કંદાશ્રમના ઓરડાની સાંકળ એવી જ વાસેલી હતી અને મહર્ષિ કોણ જાણે કેવી રીતે પણ ઓરડામાંથી બહાર નીકળીને બગીચામાં એક વૃક્ષની નીચે બેઠા હતા!

માતા અલઘમ્મા એ અદ્ભુત ચમત્કારના રહસ્યને ના સમજી શક્યાં. મહર્ષિની અંદર આટલી બધી વિલક્ષણ સિદ્ધિ સમાયેલી છે એની પ્રતીતિ એમને આ પહેલવહેલી જ થઇ શકી. એમને મહર્ષિને માટે જુદી જ જાતનું માન પેદા થયું.

મહર્ષિની અસાધારણ સિદ્ધિની એ કથા ક્રમે ક્રમે બીજા લોકોમાં ફેલાવા લાગી. સૌ કોઇને એ સાંભળીને સ્વાભાવિક રીતે જ નવાઇ લાગી.

પરંતુ પોતાની આસપાસ એવી આશ્ચર્યકારક સિદ્ધિની વાતની સૃષ્ટિ થાય એ મહર્ષિ જેવા સાચા સંતપુરુષને કેવી રીતે પસંદ પડી શકે? એક દિવસ પ્રસંગ નીકળતાં એમણે સૌના આશ્ચર્ય વચ્ચે જણાવ્યું કે એમાં ચમત્કાર કે સિદ્ધિ જેવું કશું જ નથી.

'કેમ નથી?' ભક્તોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું : 'આટલી બધી લોકોત્તર મહાન સિદ્ધિનું મહત્ત્વ તમને કશું જ નથી લાગતું?'

'પરંતુ એ સિદ્ધિ હોય તો ને?'

'સિદ્ધિ નથી તો શું ચમત્કાર છે?'

'ચમત્કાર પણ નહીં.'

'તો પછી શું છે?'

'એ તો એક સીધીસાદી વાત છે પરંતુ એની પૂરતી માહિતી ના હોવાથી એને માટે ગેરસમજ થઇ છે.'

'એટલે?'

'તમારે એ સિદ્ધિનું સાચું રહસ્ય સાંભળવું છે?'

'અવશ્ય સાંભળવું છે.'

'તો પછી સાંભળો. તમને આનંદ આવશે. માતા અલઘમ્માને પૂરતી ખબર ના હોવાથી એ વાતને સિદ્ધિમાં ખપાવીને વધારી દીધી છે. બાકી હકીકત તો એવી હતી કે એ શહેરમાં ગયાં તે પછી હું સમાધિમાંથી જાગ્યો ત્યારે મેં બારણાની સાંકળને અંદરથી હાથ નાખીને લાંબા વખતની ટેવને લીધે કોઇ પણ પ્રકારના પરિશ્રમ વગર ઉઘાડી નાખી અને બહાર આવ્યા પછી એ સાંકળને પાછી વાસી દીધી. એમાં ચમત્કાર હતો કે નહીં તે હવે તમે જ વિચારી લો. પરંતુ લોકોને એની ખબર હોય ત્યારે ને? અને ધારો કે ખબર પડે તો પણ એ મારી વાતને માને તેમ થોડા જ છે?'

એટલું કહીને મહર્ષિ હસવા માંડ્યા ને શ્રોતાઓ પણ એમની વિનોદવૃત્તિથી પ્રભાવિત થઇને હસવા લાગ્યા.

પરંતુ એ પ્રસંગમાં માત્ર વિનોદવૃત્તિ જ નથી સમાયેલી પણ એ ઉપરાંત બીજું ઘણું છે. એમની સરળતા, નમ્રતા, નિષ્કપટતા ને સત્યપ્રિયતાનું એમાં દર્શન થાય છે. કેટલાક અધકચરા સાધકો કે સંતો પોતાના મહિમાની વાતોને વધારવામાં માને છે અને પોતાને સિદ્ધિઓનું અથવા ચમત્કારોનું પ્રદર્શન કરવાની ક્ષમતાવાળા જાહેર કરવામાં ગૌરવ લે છે. પોતાની સાચી ખોટી સિદ્ધિઓની વાતોને ફેલાતી જોઇને એમને આનંદ આવે છે. એ સંદર્ભમાં મહર્ષિના જીવનનો આ પ્રસંગ એમની સત્વશીલતા તેમજ મહાનતાની પ્રતીતિ કરાવનારો હોવાથી મૂલ્યવાન છે.

પ્રાર્થના

—કુંદનિકા કાપડિયા

અમે મનુષ્ય છીએને ભગવાન, એટલે કોઈક વાર સાવ ભાંગી પડીએ છીએ, અમારા બધા દીવા એક સાથે ઓલવાઈ જાય છે અમારું જીવન સરસ રીતે ગોઠવાયેલું હોઈ, સુખની સોડ તાણીને અમે નિશ્ચિત સુતા હોઈએ ત્યાં અચાનક કાળની એક વજ્જર થપાટ પડે છે.

અમારામાંથી એક જણને અજાણતાં જ બોલાવી લેવામાં આવે છે. અમારી આખી સૃષ્ટિ વેરવિખર થઈ જાય છે. પગ તળેથી ધરતી ફસકી પડે છે અમારું હૃદય વિષાદથી ભરાઈ રહે છે. દિવસો બધા દીર્ઘ અને સુના બની જાય છે. રાતો બધી નિદ્રાહીન બની જાય છે.

અમે હતાશાની ગોદમાં ઢળી પડીએ છીએ. આ શું થઈ ગયું? એવી મૂઢતા અમને ઘેરી વળે છે ભગવાન, તમે આ શું કર્યું? એમ વ્યાકુળતાથી અમે ચિત્કારી ઊઠીએ છીએ પણ તમારી ઈચ્છાને સમર્પણ કર્યા વિના તમારી રીત અમે શી રીતે સમજી શકીએ? આ વજ્રાઘાત પાછળ તમારો કોઈ હેતુ હશે જ. તમારી દૃષ્ટિમાં તો બધુંજ સ્પષ્ટ, યોગ્ય અને હેતુસરનું હશે. કદાચ અમે સલામતીમાં ઊંઘી ગયાં હતાં, કદાચ અમે ભૂલી ગયાં હતાં કે, અમે અહીં સદાકાળ ટકી રહેવાના નથી. તમે અમને ભાન કરાવ્યું કે, જે ફૂલ ખીલે છે, તે ખરવું પણ જોઈએ. અમારી ઊંઘની અમે આકરી કિંમત ચુકવી છે, હારેલા, પરાજિત, વેદનામાથી વીંધાયેલા અમે તમારે શરણે આવીએ છીએ. આ

ઘોર વિપદમાંથી અમને પાર ઉતરવાનું બળ આપી અમને સમતા અને શાંતિ આપો, ધીરજ અને શ્રદ્ધા આપો, કે વ્યર્થ વિલાપમાં સમય ન વેડફીએ, શોકને હૈયે વળગાડીને ન ફરીએ, આંસુથી અંધારા બનેલા પથ પર અમે જ્ઞાનનો દીવો પેટાવી યાત્રા કરીએ, વ્યથાનાં વમળોમાંથી જ અમે સત્ ચિત્ આનંદનું કેન્દ્ર શોધી કાઢીએ.

મૃત્યુના અસૂર્ય—લોકમાંથી નીકળી અમે શાશ્વત જીવન પર દ્રષ્ટિ માંડીએ; અને પાર્થિવ સંબંધના બધા તાર તૂટી ગયેલા લાગે ત્યારે એક અમૃતલોક એવો છે જ્યાં કોઈ વિચ્છેદ નથી, કોઈ વિનાશ નથી એનું અમે દર્શન પામીએ, એ માટે અમને બળ આપો, પ્રકાશ આપો, પ્રજ્ઞા આપો.

—કુન્દનિકા કાપડિયા

આપણા સ્વજનના મૃત્યુથી દુઃખ થાય એ સ્વાભાવિક છે. હવે આ જીવાત્માના કલ્યાણ અર્થે સવાર—સાંજ સમૂહમાં અથવા વ્યક્તિગત આ પ્રાર્થના કરવી જે જીવાત્માને માટે શ્રેયસ્કર છે. અને આપણને પણ આવી પ્રાર્થનાથી માનસિક શાંતિ અનુભવાશે અને સદ્‌ગતને ઉર્ધ્વગામી પ્રયાણમાં સહાય કરશે.

હરિ : ૐ

ગયેલા આત્માને, મન હૃદયથી, આપજે શાંતિ પૂરી,
બધી રીતે એનું, પ્રભુ કરાવજે, સર્વ કલ્યાણ, શ્રીજી
બધાં જીવો સાથે, ગત જીવનમાં, જે થયેલો સંબંધ,
કરાવી દ્યો એને, સહુ તરફથી, સાવ નિશ્ચિંતિ મુક્ત.
સાવ નિશ્ચિંત મુક્ત. સાવ નિશ્ચિંત મુક્ત.

ૐ શાંતિ

મંગલ મંદિર ખોલો

દયામય! મંગલ મંદિર ખોલો.

જીવન–વન અતિ વેગે વટાવ્યું,

દ્વાર ઉભો શિશુ ભોળો,

તિમિર ગયુ ને જ્યોતિ પ્રકાશ્યો,

શિશુને ઉરમાં લ્યો લો. ૧

નામ મધુર તમ રટ્યો નિરંતર,

શિશુ સહ પ્રેમે બોલો,

દિવ્ય–તૃષાતુર આવ્યો બાલક,

પ્રેમઅમીરસ ઢોળો. ૨

—નરસિંહરાવ દિવેટીયા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

મૃત્યુ અને મનની સ્વસ્થતા

—સ્વામી વિદિતાત્માનંદજી

જેનું મૃત્યુ થયું છે તેનો જન્મ અવશ્ય છે! અને તેથી તેને નવો દેહ મળવાનો જ છે. પરંતુ તે તો કેટલી યુવાન વયે મૃત્યુ પામ્યો? તેનો દેહ ક્યાં જીર્ણ હતો?

વસ્ત્ર જીર્ણ થયું છે કે નહીં તે તો તેને પહેરનાર જ નક્કી કરી શકે. કોઇ માણસ એક શર્ટને કદાચ પાંચ વર્ષ સુધી ન બદલે અને બીજો કોઇ માત્ર છ મહિનામાં તેને બદલી નાખે! તેવી રીતે કોઇ જીવ દેહ જ્યારે અત્યંત જર્જરિત થાય ત્યારે તેને જીર્ણ થયો માને, જ્યારે બીજો કોઇ નાની ઉંમરે પણ દેહને જીર્ણ થયેલો માની તેનો ત્યાગ કરે! જન્મ અને મૃત્યુ પ્રારબ્ધ વડે નક્કી થતાં હોય છે.

આ દેહ ત્યાં સુધી જ ટકતો હોય છે જ્યાં સુધી પ્રારબ્ધ હોય. હૃદયના પ્રત્યેક ધબકારે જાણે કે એક ટાઇમબોમ્બ ન ધબકી રહ્યો હોય! પ્રત્યેક ધબકારે આયુષ્ય ક્ષીણ થઇ રહ્યું છે. આ ટાઇમબોમ્બને કેટલા સમયની મુદત માટે ગોઠવવામાં આવ્યો છે તેની આપણને શી ખબર પડે? નિયત સમય આવે એટલે જીવ જરા પણ રાહ જોયા વગર કે કોઇ શિષ્ટાચાર વગર જ વિદાય લેતો હોય છે. કઇ ઉંમર કોના મૃત્યુ માટે પરિપકવ કહેવાય અને કયી નહીં તે આપણે નક્કી કરી શકતા નથી. આપણે તો એટલું જ માનવું રહ્યું કે આ દેહમાં તેનું કાર્ય પૂરું થયું છે અને પોતાની જીવનયાત્રા આગળ ધપાવવા માટે હવે તે બીજા સ્થળે જઇ રહ્યો છે. જીવનની આ વ્યવસ્થા આપણે સ્વીકારવી જ રહી. ટ્રેનમાં

સાથે મુસાફરી કરનાર યાત્રાળુંઓની જેમ આ જીવનયાત્રામાં આપણે કેટલોક સમય સાથે છીએ અને નિશ્ચિત સમયે છૂટા પડવાનું જ છે એ કપરી વાસ્તવિક્તા છે. શોક કરવાથી તે બદલાવાની નથી કે શોક કરનારની સ્થિતિમાં કોઇ સુધારો થવાનો નથી. આમ ન થયું હોત તો શું થયું હોત તે પણ આપણે નિશ્ચિયપૂર્વક કહી શકીએ તેમ નથી. મરનાર વ્યક્તિ જો જીવિત હોત કે વધારે સુખી હોત કે તેની પાછળ હયાત રહેનારા આપણે પણ વધુ સુખી હોત તે પણ આપણે કહી શકીએ નહીં. જગતના નિયંતાનો આ નિર્ણય છે કે આ પ્રમાણે થવું જોઇએ અને તે માટે કોઇ ઉચિત કારણ હોવું જોઇએ, એવી શ્રદ્ધા સાથે આ અઘટિત કે અનિર્ધારિત જણાતી સ્થિતિ પણ આપણે સ્વીકારવી જોઇએ.

મૃત્યુ, લાંબી માંદગી વગેરે ગંભીર ઘટનાઓના સંબંધમાં ઉપર ચર્ચા કરી તેમ જો તેમનું આલોચન કરવામાં આવે તો સમજી શકાય છે કે આ વસ્તુઓને આપણે બદલી શકતા નથી અને આવા સંજોગોમાં આપણાથી શક્ય હોય તે કરવું. એ આપણું કર્તવ્ય છે, પણ તેમ છતાં આવી ઘટનાઓને કારણે તે ગતાત્મા સાથે સંકળાયેલ અન્ય લોકોના જીવન પર ગંભીર અસર થતી હોય છે અને તેથી તેઓ શોક કરે તો તે સમજી શકાય તેવું છે. પરંતુ આપણે તો ઘણી નાની–મોટી ઘટનાઓ માટે પણ શોક કરતા હોઇએ છીએ મારું ધાર્યુ ન થયું, કોઇકે મારું અપમાન કર્યું કે મારી લાગણી દુભાવી, મેં મહેનત કરી, પણ સફળતા ન મળી વગેરે રોજબરોજની ઘટનાઓ પણ આપણાંમાં શોક જન્માવતી હોય છે.

જ્યારે પણ કોઇ પ્રતિકુળ પરિસ્થિતિ સર્જાય ત્યારે તે શોક ઉપજાવતી હોય છે. અનુકુળ પરિસ્થિતિથી જોકે હર્ષ જન્મે છે તો પ્રતિકુળ પરિસ્થિતિથી શોક જન્મવાનો જ, અને પ્રતિકુળતાઓની તો જીવનમાં ખોટ હોતી જ નથી. એટલે સામાન્ય રીતે માનવી શોકગ્રસ્ત જ રહેતો હોય છે–ક્યાંક રોષ છે, ક્યાંક ફરિયાદ છે, ક્યાંક નિરાશા છે, ક્યાંક અપરાધની લાગણી છે, ક્યાંક હીનતા છે વગેરે. આમાંની કોઇ એકાદ લાગણી તો મન પર સવાર થયેલી હોય જ છે અને તેથી સુખની પળો તો ક્યારેક જ આવતી હોય છે.

બહારના માણસોને ચાહવું માણસ માટે સહેલું હોય છે પણ પોતાના જ માણસોના રાઇના દાણા જેવો દોષ માણસને પહાડ જેવો લાગે છે.

હિંમત એ મોટામાં મોટો, પહેલી હરોળમાં પણ પહેલો સદ્‌ગુણ છે એ હશે તો બાકીના ગુણ તો આપોઆપ ઉગી આવશે.

સ્થાપત્ય કન્સ્ટ્રક્શન
પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,
બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

બંધિયાના ડોસાભાઇ

—સાધુ વિવેકપ્રિયદાસ

બંધિયા ગામ તો ખોબા જેવડું, પણ ડોસાભાઇની ગોળની વખાર પંથકમાં પંકાએલી. ખેડૂતો તાજા ગોળનાં ગાડાં ભરી ભરીને બંધિયા ભણી વહેતા કરે. મળસકું થતાંમાં તો ડોસાભાઇ તોલમાપ અને લેતી–દેતીની દુનિયામાં ખોવાઇ જાય. સૂરજના પહેલાં કિરણ પડે તે પહેલાં ધંધે લાગી ગયેલા આ વેપારીને ક્યારેક તો દસ વાગી જાય તોય દાતણ કરવાની વેળા ન મળતી.

એક સવારની વાત છે. ડોસાભાઇએ કાને દાતણ ખોસ્યું છે. ખેડૂતોનાં ગાડાંની કતાર ક્યાંક સુધી લંબાઇ છે. ગોળ જોખીને ડોસાભાઇ ભાવતાલ અને ગોળની ચકાસણી કરતાં જાય છે... સવારે સાડા નવ–દસનો સમય થયો છે, અને ભર બજારે ધૂળ ઉડાડતી એક સાંઢણી, અસવાર સોતી ડોસાભાઇની વખાર પાસે પગ ખોડીને ઊભી રહી ગઇ! ગાડે ગાડે ફરતાં ડોસાભાઇની નજર ગઇ ત્યાં તો હરખનો ઊભરો આવ્યો. અસવારને જોઇને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા ને બોલી ઊઠ્યા : 'ભગુજી કે?! આવો, આવો, મહારાજ પાસેથી આવ્યા લાગો છો!...'

'હા ડોસાભાઇ, અને મહારાજે આ ચીઠ્ઠી આપી છે.' ભગુજીએ કહ્યું.

ઝટ દઇને તેમણે ચીઠ્ઠી ખોલી, વાંચતા ગયા તેમ તેમ આનંદની ઊલટ આવતી ગઇ. મહારાજે લખ્યું હતું, 'તમામ વ્યવહાર પડતો મૂકીને, ભગવાં ધારણ કરીને, ભગુજી સાથે ચાલી નીકળશો...'

ડોસાભાઇએ ધીકતો વેપાર તત્કાળ પડતો મૂક્યો. ભગવાં પહેર્યાં અને તરત જ ગઢડાની વાટ પકડી... ખેડૂઓમાં, સગાંઓમાં અને ગામમાં હાહાકાર થઇ ગયો. 'ભગત ઘરે સંદેશો દેવા પણ ન રોકાણા... અરે, વેપાર ધંધોય કોઇને ભળાવ્યો નહીં ! ગજબ થઇ ગયો...'

ડોસાભાઇ ગઢડે પહોંચ્યા; મહારાજ ભાવ ભરીને ભેટ્યા... આમ તેમને અચાનાક ત્યાગી કરી દીધા તેની પાછળ પણ રહસ્ય હતું... વાત એમ હતી કે બંધિયાના જૈન વાણિયાઓ લગ્નની જાન સાથે ગઢડે થઇને નીકળ્યા, ત્યારે મહારાજનાં દર્શને આવ્યા હતા. શ્રીહરિએ સહેજ જ ડોસા ભગતને સંભાર્યા, ત્યારે વણિકો કહે, 'અરે મહારાજ, અમે તો સંસારમાં ગળા સુધી ડૂબેલા છીએ. પણ તમારા ડોસાભાઇ તો ચોટી સુધી ડૂબી ગયા છે. ભગવાન ભજવા નવરા થતા જ નથી... અરે, ના'વા ધોવાનો ય સમય નથી મળતો...'

'તમે માનો છો તેમ નથી શેઠિયા.' મહારાજે કહ્યું હતું, 'એ અમારા ખરા સત્સંગી છે. જો અમે ડોસાભાઇને સાધુ કરીએ તો તમે સત્સંગી થશો?'

શરત તો આકરી લાગી, પણ ડોસાભાઇ કોઇ કાળે સાધુ થાય તે વાતમાં તેમને કોઇ તથ્ય ન દેખાયું. ખુશીથી હા પાડી. અને લગ્નકાર્ય પતાવીને, વણિકોને ગઢડા થઇને બંધિયા જવાની મહારાજે તાકીદ કરી. બસ, ડોસાભાઇ જેવા ભક્તરાજની સ્થિતિની સૌની જાણ થાય એ જ હેતુથી મહારાજે તેમને તત્કાળ બોલાવીને દીક્ષા આપી હતી.

ડોસાભાઇ હવે સાધુની પંક્તિમાં બેઠા છે. દાઢીમૂછ મુંડાઇ ગયા છે... અંગે ભગવાં શોભી રહ્યાં છે... વાણિયાઓ પણ

લગ્ન પતાવીને ગઢડા આવી ગયા છે. મહારાજે તમામનો સત્કાર કર્યો અને સંત મંડળમાં બેઠેલા એક ધીર–સ્થિર સાધુને બતાવીને મહારાજે પૂછ્યું, 'શેઠિયા, તમે આમને ઓળખો છો?'

ઝીણી આંખે સાધુને પારખવા મથતા વણિકો આશ્ચર્યચક્તિ થઇ ગયા.કહે. 'મહારાજ! આ તો ડોસાભાઇ!' મહારાજ મલકી રહ્યા તા. વણિકો કહે, 'એ આવા વૈરાગ્યવાન હશે, તેની શી ખબર? અમારી ભૂલ થઇ છે... અમને માફ કરો... અમે તો સંસારી જીવ, ડોસાભાઇ જેવા ભક્તરાજને ક્યાંથી ઓળખી શકીએ?'

શ્રીહરિનાં વચનોને શિરસાટે ધારનાર આ ભક્તરાજને મહારાજે ફરી આજ્ઞા આપી. 'ડોસાભાઇ, ધન્ય છે તમને, હવે પાછા જાવ બંધિયા. ગૃહસ્થનાં વસ્ત્રો પહેરી લો ને ડોશીમા જીવે છે ત્યાં સુધી તેમની સેવા કરજો. તમે ગૃહસ્થના વેશે સાધુ જ છો. સંસાર તમને બાધ કરી શકે તેમ નથી...'

ડોસાભાઇને આજ્ઞા વસમી તો લાગી, પણ મહારાજની મરજીમાં મોજ માણનાર ભક્તરાજે બંધિયા તરફ પ્રયાણ કર્યું !

★

એક દિવસની વાત છે. મહારાજ સ્વયં કાઠી દરબારોના સંઘ સાથે બંધિયે પધાર્યા હતા. દરબાર મૂળભાના માઢ ઉપર સુંદર સભા ભરાઇ હતી. ડાયરાની રસમ મુજબ આનંદ કિલ્લોલ ચાલતો હતો, અને એ જ વખતે ડોસાભાઇનો પ્રવેશ થયો.

મહારાજે તેમને જોતાં જ મર્મ ભરેલું સ્મિત કર્યું ને મીઠો આવકાર આપી કહ્યું : 'આવો ડોસાભાઇ, તમને જ યાદ કરતા હતા!'

'ધન્ય ભાગ્ય મહારાજ! દાસને શી આજ્ઞા છે?' ડોસાભાઇએ દંડવત્ પ્રમાણ કરી સભામાં બેઠક લીધી.

મહારાજે તેમને જૂની વાત યાદ કરાવી : 'ડોસાભાઇ, તમને યાદ છે, રામાનંદ સ્વામીએ એકવાર તમને કાશીની યાત્રાએ જવા આજ્ઞા કરી હતી?!'

'હા મહારાજ, યાદ તો છે, પણ જાત્રાના અંજળ આવતાં નથી.' ડોસાભાઇએ ધંધાની વ્યસ્તતા કબૂલ કરી અને કહ્યું: 'આજ્ઞા લોપી છે, તે ભારે ભૂલ થઇ છે મહારાજ!'

'તો જાવ!' મહારાજે તાત્કાલિક કાશીની યાત્રાએ જવા ડોસાભાઇને આજ્ઞા કરી : 'અત્યારે જ ઊપડો! કાશીએ જઇ પાછા આવો, ત્યારે ગઢડે આવીને મળજો!'

'ભલે મહારાજ, જેવી આજ્ઞા!' ડોસાભાઇ ઊભા થયા અને બોલ્યા : 'મારા ડોશીમાને જરા કહેતો આવું...'

તેઓ ઘરે આવ્યા. માતાને વાત કરી. મા તો ડોસાભાઇ કરતાંય ઊતાવળાં થયાં : 'બેટા, મહારાજે કહ્યું છે, તો હાલ ને હાલ જાત્રાએ ઊપડી જા... આજ્ઞા પાળવામાં દી બે દી જાવા નો દેવાય...'

'પણ બા, ભાતાનું ને ખરચીનું શું થાશે?' ડોસાભાઇએ પૂછ્યું ને બા કાંઇ જવાબ આપે તે પહેલાં ધૂનમાં ને ધૂનમાં મહારાજ પાસે મૂળજી દરબારના માઢ પર પહોંચી ગયા... મનમાં રમતો સવાલ બહાર ઊછળી પડ્યો : 'મહારાજ, મારા ભાતાનું ને ખરચીનું કેમ થાશે?'

'એ ચિંતા ન કરો, બધુંય થઇ રહેશે' મહારાજે આશીર્વાદ આપ્યા. અને ડોસાભાઇ બંધિયાથી રાજકોટની કેડીએ ચાલતા થયા! એકાદ ગાઉ ગયા હશે ને એક શાહુકારની ગાડી રુમઝુમ

દોડતી ને મારગ કાપી રહી હતી, તે એકલવાયા આ મુસાફરને જોઇ ઊભી રહી ગઇ. તેમાં બેઠેલા શાહુકારે હાંક મારી : 'એ ભાઇ, આમ ક્યાં જાવાં?'

'આમ તો કાશીએ જવા નીકળ્યો છું ભાઇ.' ડોસાભગતે કહ્યું.

શાહુકાર બોલ્યા : 'કેવા છો?'

'છીએ તો વાણિયા અને વળી સ્વામિનારાયણના સત્સંગી છીએ.'

'ઓહો! ધન્યભાગ્ય છે ને કાંઇ!' શાહુકારે તેમને પ્રેમભર્યો આવકાર આપ્યો અને સાથે ગાડીમાં બેસી જવા આગ્રહ કર્યો. કહ્યું : 'અમેય સંઘ લઇ કાશીએ જવા નીકળ્યા છીએ.' ડોસાભાઇ આ અનાયાસે મળેલા સથવારાથી પ્રસન્ન હતા! જોત જોતામાં સંઘ એકાદ મહિને કાશી પહોંચી ગયો.

શ્રીહરિ અને સંતોને સંભારી ડોસાભાઇ સંઘ સાથે ગંગામાં નાહ્યા, અને કાશીવિશ્વનાથનાં દર્શન કરી પાંચ દિવસ રહી પાછા ગુજરાત આવવા નીકળ્યા... સંઘ બંધિયાથી પાંચ ગાઉ દૂર રહ્યો, એટલે શાહુકારે ડોસા ભગતને હાથ જોડી કહ્યું : 'લ્યો ભગત, તમારું ગામ હવે ઢૂંકડું આવ્યું, અમારો મારગ અહીંથી ફંટાય છે!'

ડોસા ભગત ઊતરી ગયા. મનમાં નિર્વિઘ્ન યાત્રાનો આનંદ માતો નથી. ઘરે પહોંચીને માને ખુશ ખબર આપવા ઉતાવળથી ચાલ પકડી છે. થોડું ચાલીને પાછા વાળીને જોયું કે સંઘ કેટલેક પહોંચ્યો છે? પણ ક્ષિતિજે પહોંચતી એ ગાડાવાટ પર હજુ હમણાં જ છૂટા પડેલા સંઘનું નામ નિશાન નહોતું! તેમના આશ્ચર્યનો પર ન રહ્યો : 'નક્કી મહારાજે જ આ જાત્રા કરાવી,

નહીં તો આપણું ક્યાં કાંઇ ગજું હતું!'

તેઓ ઘરે પહોંચ્યા. માજીએ મીઠાં ઓવારણાં લઇ આવકાર દીધો. ડોસાભાઇએ તેમને પગે લાગી બધી જ હકીકત કહી સંભળાવી. માજી બોલ્યા : 'બેટા, તું ચાલી નીકળ્યો, એ જ સાંજે અહીં બહારવટિયાનું ધાડું આવ્યું હતું. '...ડોસા શેઠ કહાં હૈ...' એમ રાડો નાખતા હતા. પણ મેં કહ્યું કે એ તો કાશી જાત્રા કરવા ગયા છે, એટલે જેમ તેમ બોલીને પાછા વળી ગયા.'

ડોસાભાઇની આંખો કૃતજ્ઞતાના ભાવથી ભીની બની ગઇ. હાથ જોડી તેઓ સ્વતઃ બોલી ઊઠ્યા : 'હે મહારાજ, ભારે રક્ષા કરી! ભારે દયા કરી... આ દાસને જીવતો રાખ્યો, ને વળી આખી જાત્રામાં ખાવા—પીવા રહેવાની બરદાસ્ત પણ રાખી...' ને પરમાત્માના વચનને પોતાનું વચન સમજતા આ ભક્તે સમગ્ર જીવન ભક્તિમાર્ગે વ્યતીત કરી દીધું.

તેમનું મૂળ ગામ સરધાર હતું, પણ પછીથી બંધિયામાં સ્થાયી થયા. તેઓ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. પણ તેમના દેહત્યાગ પછી મહારાજના સ્વરૂપમાં એકનિષ્ઠા અને દૃઢતાથી જોડાઇ ગયા.

સંતોને પણ જેમના જીવનમાંથી પ્રેરણા મળતી એવું જીવન જીવી ડોસાભાઇ અવિસ્મરણીય ભક્ત તરીકે આજે પણ સંપ્રદાયના આકાશમાં નક્ષત્રની જેમ ચમકી રહ્યા છે.

★★★

રમણ મહર્ષિ સાથે પ્રશ્નોત્તરી

—પ્રો. તરલા દેસાઈ

પ્રશ્ન :— મારો વ્યવસાય ત્યજી હું વેદાન્ત પરના ગ્રંથોનો અભ્યાસ કરવા બેસી જાઉં?

ઉત્તર :— જો પદાર્થો કે ક્રિયાઓ તમારાથી અલગ હોય તો તમે એનાથી દૂર જઈ શકો, પણ એ તમારાથી અલગ નથી. એમનું અસ્તિત્વ તમને, તમારા વિચારને આભારી છે તેથી છટકીને તમે જશો ક્યાં?

રહી વાત વેદાન્ત પરના ગ્રંથો વાંચવાની, તો તે જેટલા વાંચવા હોય એટલા વાંચી શકાય. પણ તમામ ગ્રંથો હરીફરીને એક જ વાત કહેશે કે 'તમારામાં રહેલ 'સ્વ'ને ઓળખો, અને આત્મા પુસ્તકોમાં નહિ મળી શકે. તે તમારામાં, તમારા માટે, તમારી મેળે શોધવો પડશે.

પદાર્થો કે વિશ્વ માણસના પડછાયારૂપ છે, જેનાથી માણસ અલગ થઈ શકે નહિ. એક માણસ પોતાનો પડછાયો દાટી દેવા ઈચ્છતો હતો એનો એક રમૂજી કિસ્સો છે. એણે ઊંડો ખાડો ખોદી પોતાનો પડછાયો છેક તળિયે દાટી દીધો! પછી તે ખાડો પૂરવા માંડીયો, ખાડો પુરાઈ ગયો ત્યારે એની ટોપ ઉપર પોતાનો પડછાયો દેખાયો અને એ ભારે નિરાશ થયો. એ જ રીતે પદાર્થ કે પદાર્થો વિશેના વિચારો જ્યાં સુધી તમે આત્માને નહિ ઓળખો ત્યાં સુધી હંમેશાં તમારી સાથે જ રહેવાના.

પ્રશ્ન :— મેં શાસ્ત્રોનો અભ્યાસ નથી કર્યો. સાત છોકરાંની જવાબદારી હોવાથી ઘરનાં કામકાજમાં એવી વ્યસ્ત રહું છું કે ધ્યાન માટે પણ મને બહુ ઓછો સમય મળે છે. તો મારે શું કરવું?

ઉત્તર :— આત્માને જાણવા શાસ્ત્રોના જ્ઞાનની આવશ્યક્તા નથી; કેમ કે, આત્માને નીરખવા આયનાની જરૂર નથી પડતી.

ઘરકામ કે બાળકોની જવાબદારી પણ વિઘ્નકર્તા નથી. હરતાં—ફરતાં, ઊઠતાં—બેસતાં કે કંઈ પણ કામ કરતાં કરતાં તમે સતત તમારી જાતને 'હું, હું' કહ્યા કરો. 'હું' ઈશ્વરનું જ નામ છે. બધાં મંત્રોમાં એ મહાન છે. ૐનો ક્રમ પણ એના પછી આવે.

પ્રશ્ન :— 'હું કરું છું' એ કર્તાભાવ વિના મારાથી કાર્ય કેમ થઈ શકતું નથી?

ઉત્તર :— એ થઈ શકે. આસક્તિ વિના કાર્ય કરશો તો 'તો તમે કર્તા છો' એવા ભાવ સાથે કરેલા કાર્ય કરતાંય વધારે સારી રીતે એ થઈ શકશે.

પ્રશ્ન :— કયું કાર્ય કરવું અને કયું ન કરવું એની દ્વિધા રહે છે. તો મારે શું કરવું?

ઉત્તર :— ફિકર ન કરો. આ જીવનમાં તમારા વડે જે કાર્ય થવા નિર્માયું છે તે થવાનું છે, તમને ગમે યા ન ગમે, પણ તે કરશો જ.

પ્રશ્ન :— માનવજીવનના મહત્ત્વના બનાવો જેવા કે વ્યવસાય, ધંધા—રોજગાર જ પૂર્વનિયોજિત છે કે પાણીનો પ્યાલો લેવો કે એક ખંડમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું જેવા નજીવા પ્રસંગો પણ પૂર્વનિયોજિત છે?

ઉત્તર :— દરેક દરેક વસ્તુ પૂર્વનિર્ણિત છે.

પ્રશ્ન :— બધું પૂર્વનિર્ધારિત જ હોય તો આપણી ઈચ્છા—અનિચ્છાને અવકાશ જ ન રહે ને?

ઉત્તર :— આપણા માટે જે કાર્ય નિર્માયું છે તે કાર્ય તો આપણે કરવું જ પડશે. પણ જે કાર્ય કરીએ તેની સાથે કે આપણા શરીર સાથે આપણા આત્માને તદાકાર નહીં કરીને આપણે કાર્યના આનંદ—પીડા અને તેનાં સુખદ—દુઃખદ પરિણામોથી મુક્ત રહી શકીએ.

જો તમે તમારા સાચા સ્વભાવને ઓળખશો અને જાણશો કે, કોઇ પણ કાર્યના કર્તા તમે નથી. તો પારબ્ધ કે ભૂતકાળનાં કર્મ કે દિવ્ય યોજના અનુસાર તમારું શરીર કોઇ પણ કાર્યમાં ભલે પ્રવૃત્ત રહે પણ તમે એનાં પરિણામોની અસરથી મુક્ત રહેવા પામશો. તમે હંમેશ સ્વતંત્ર જ છો. તમારું એ સ્વાતંત્ર્ય અસીમ છે.

પ્રશ્ન :— વ્યવસાય કે કર્તવ્ય આધ્યાત્મિકતાને વિઘ્નકર્તા ન બને?

ઉત્તર :— જીવનની બધી પ્રવૃત્તિઓ અનાસક્તભાવે કરવી શક્ય છે. એમ માનવું ભૂલભર્યું છે કે, આત્મસ્થિત વ્યક્તિ જીવનની પ્રવૃત્તિઓ બરાબર ન કરી શકે, જેમ કોઇ અભિનેતા વાઘા સજે, અભિનય કરે અને પોતે જે ભૂમિકા ભજવે તે અનુભવે છતાં તે જાણે છે કે, તે એ પાત્ર નથી, હકીક્તમાં તે બીજી જ કોઇ વ્યક્તિ છે; એ જ રીતે તમને એકવાર સ્પષ્ટ થઇ જાય કે, તમે શરીર નહિ, આત્મા છો. પછી શરીરસભાનતા કે ‘હું શરીર છું’ એ ભાવ તમને શા માટે પજવે? શરીર કોઇ પણ કર્તવ્ય કરે એ તમારા અધ્યાત્મમાર્ગને કદી વિઘ્નકર્તા નહીં નીવડે.

પ્રશ્ન :— અધ્યાત્મમાર્ગ પર પા પા પગલી પાડનાર માટે

જીવનની બાહ્ય પ્રવૃત્તિઓ ત્યજી એકાન્તવાસ સેવવો વધારે સારો નહિ?

ઉત્તર :— સ્વૈચ્છિક પરિત્યાગ હંમેશાં મનમાં હોય. એને માટે જંગલમાં કે એકાન્તમાં જઇ પ્રવૃત્તિઓ ત્યાગવાની જરૂર નથી. મહત્ત્વની બાબત તો મન બહિર્મુખ નહિ પણ અંતર્મુખ બને એ જોવાની છે.

વળી, મનુષ્ય અહીં રહે કે ત્યાં, એ પ્રવૃત્તિ કરે કે ન કરે; એ બધું પ્રારબ્ધ પ્રમાણે થયા કરે છે. શરીરે જેમાંથી પસાર થવાનું હોય છે, એ તમામ પ્રવૃત્તિઓ અસ્તિત્વમાં આવતાં પહેલાં નિર્ણિત થઇ ચૂકી હોય છે. અને સ્વીકારવી કે ત્યજી દેવી એ તમારા હાથની વાત નથી. તમે કેવળ તમારા મનને અંતર્મુખ કરી એ પ્રવૃત્તિઓથી નિરપેક્ષ રહી શકો, એટલી તમને છૂટ છે.

પ્રશ્ન :— ‘હું કરું છું’ કે ‘હું કર્તા છું’ના ભાવથી પર હોય એ વ્યક્તિએ કંઇ કરવાની જરૂર ખરી?

ઉત્તર :— તમે શરીર હો તો જ કંઇ કરવાનો પ્રશ્ન ઊભો થાય છે.

પ્રશ્ન :— મારે અન્ય પ્રવૃત્તિઓ હોવાથી હું હંમેશાં આત્મખોજમાં રહી શકતો નથી. તો મારે શું કરવું?

ઉત્તર :— જ્યારે તમે અન્ય પ્રવૃત્તિ કરો છો ત્યારે તમારું અસ્તિત્વ મટી જાય છે? તમે હંમેશ હો છો જ. (તમે આત્મા છો જ) નથી હોતા?

પ્રશ્ન :— આપણે બધી પ્રવૃત્તિઓમાંથી મન વાળી લેવું જોઇએ એનો અર્થ એ કે, આપણે આપણી પ્રવૃત્તિઓ બને તેટલી ઓછી કરી નાખવી જોઇએ?

ઉત્તર :— પ્રવૃત્તિઓ ત્યજી દેવી એનો અર્થ એ કે,

પ્રવૃત્તિઓની કે તેના ફળની આસક્તિ ત્યજી દેવી. 'હું કર્તા છું' એવો ખ્યાલ ત્યજી દેવો.

પ્રવૃત્તિઓ કે જેમાંથી આ દેહ પસાર થવા નિર્માયો છે. એમાંથી તેને પસાર થવું જ પડશે. આવી પ્રવૃત્તિઓને ત્યજવાનો પ્રશ્ન જ ઊભો નથી થતો. પછી તે કોઇને ગમે યા ન ગમે!

પ્રશ્ન :– ઇશ્વર અને દુન્યવી પ્રવૃત્તિ બંનેમાં મનને તદ્રુપ રાખવાનું કહેવું અવ્યવહારું નથી લાગતું?

ઉત્તર :– જે આત્મસ્થિત રહેશે તેની પ્રવૃત્તિઓ ચાલ્યા કરશે તેમની સફળતા–અસફળતાની તેના પર અસર નહિ થાય. 'પોતે કર્તા છે' એવો વિચાર ન હોવો જોઇએ. બાકી જે પ્રવૃત્તિઓમાંથી પસાર થવા દેહ સરજાયેલો છે એ તો ચાલ્યા કરશે.

પ્રશ્ન :– હું ગૃહસ્થ છું. મારી આધ્યાત્મિક પ્રગતિને આડે ઘણાં વિઘ્નો છે. મારે શું કરવું?

ઉત્તર :– આ વિઘ્નો તમારાથી અલગ છે? એ તમારા વિના અસ્તિત્વ ધરાવે છે?– એ તપાસો.

પ્રશ્ન :– મહાત્મા ગાંધી સતત પ્રવૃત્તિમય રહે છે, જ્યારે આપ શાન્ત કેમ રહો છો?

ઉત્તર :– એ જેને માટે આવ્યા છે તે કરે છે. આપણે જે માટે આવ્યા છીએ તે કરીએ.

પ્રશ્ન :– મારે વિદેશમાં રહેવું કે ભારત પાછા ફરવું?

ઉત્તર :– તમારે શું કરવું તેની ફિકર ન કરો. જે વસ્તુ બનવા નિર્માઇ છે એ જ બનશે.

ગુરુની પ્રાપ્તિ

–યોગેશ્વરજી

ચાર વર્ષ પહેલાં હિમાલયના ઋષિકેશ સ્થાનમાં મારી પાસે એક ભાઇ આવ્યા. તે ગ્રેજ્યુએટ હતા અને મુંબઇમાં શિક્ષક હતા વરસો પહેલાં અમે મુંબઇમાં ભણતા. હું હિમાલયમાં રહુ છું એવી એમને ખબર હોવાથી ભારતનાં કેટલાંક તીર્થોનો પ્રવાસ કરતાં કરતાં તે મને મળવા માટે આવી પહોંચ્યા.

'મને તીવ્ર વૈરાગ્ય થયો છે' તેમણે કહ્યું: 'એટલે તમને શોધતો શોધતો અહીં પહોંચ્યો છું. કોઇ ઉત્તમ કોટિના ગુરુના ચરણોમાં બેસી મારે હવે મારા જીવનનું કલ્યાણ કરી લેવું છે. તમે તો અહીં કેટલાય વખતથી રહો છો, કેટલાય લોકોત્તર સંતો કે મહાપુરુષોને ઓળખતા હશો. એમાંથી એકાદ–બેનો પરિચય કરાવશો, તો હું કોઇને ગુરુ કરી શકીશ.'

મેં કહ્યું: 'તમારી ભાવના સારી છે; પરંતુ વખત એવો છે કે અહીં પણ હવે લોકોત્તર સંતો કે મહાપુરુષોની કમી છે. એવા મહાપુરુષો અહીં ઘણા છે એવું ન માની લેતા. ઇશ્વરની કૃપા હોય તો જ તેવા મહાપુરુષનું દર્શન થઇ શકે છે. શાસ્ત્રોએ ગુરુ કરવાનું કહ્યું છે, પરંતુ ગુરુ માટે નિરર્થક ઉતાવળ કરવાની જરૂર નથી. પહેલાં તો અહીં શાંતિથી નિવાસ કરો. પછી અહીં રહેનારા સંતપુરુષોની મુલાકાત લો. તેમને જુઓ ને સાંભળો, તે પછી તમને કોઇ ગુરુ કરવા લાયક લાગે તેમને ભલે ગુરુ કરો. મારી નજરે આ પદ્ધતિ બરાબર છે.

તેમણે કહ્યુંઃ 'વખત મારી પાસે પૂરતો છે, છતાં હું એટલી બધી ધીરજ નહીં રાખી શકું.'

'તમારો વિચાર ગમે તેવો હોય.' મેં કહ્યુંઃ 'પણ તમે સંન્યાસ કે ભગવાં પહેરવા ઉતાવળા ન થશો. સંન્યાસ કાંઇ રમત નથી. એ તો સાધના છે. ઊંડો ને પૂરતો વિચાર કરીને આશ્રય લેવા જેવી વસ્તુ છે. અહીં તો કેટલાય સાધુસંન્યાસીઓ છે. એમ ઉતાવળા થશો તો કામ નહીં ચાલે. જીવનમાં એકવાર થયેલી ભૂલ ફરીવાર સુધારવાનું મુશ્કેલ બને છે.'

મારી સલાહ તેમને પસંદ પડી કે કેમ તે તો તે જાણે; પરંતુ અઠવાડિયા પછી તે મારી પાસે આવી મને કહેવા માંડ્યાઃ 'ગંગાની પેલી બાજુએ જે ઝાડી છે તેમાં કુટિરો છે. તેમાંની એક કુટિરમાં એક મહાપુરુષ રહે છે. આજે જ મને તેમનું દર્શન થયું. તે એટલા બધા પ્રતાપી છે, કે વાત નહિ. તેમનું શરીર પણ સુંદર છેઃ તેમણે મને સંન્યાસ આપવાનું કહ્યું છે. મારું મન પણ એમને જોઇ ઠર્યું છે એવા મહાપુરુષ સંસારમાં ભાગ્યે જ મળે.'

મેં કહ્યુંઃ 'તમે હજુ સંસારમાં બરાબર ફર્યા નથી, ને આમ એમને ઉપમા આપવા ન મંડી જાવ. કોઇ મહાપુરુષ છે કે નહિ તેનો નિર્ણય તેનું શરીર જોઇને નથી થઇ શકતો, તેની અંદરની લાયકાત જોવી પડે છે.

પરંતુ મારી વાતને એમણે માની નહિ. બે દિવસ પછી એ મારી પાસે આવ્યા ત્યારે એમનો ચહેરો ફીકો પડી ગયો'તો. એમણે ભગવાં વસ્ત્રો પહેર્યાંતાં.

મેં કહ્યુંઃ 'કેમ દીક્ષા લીધી?'

એમણે કહ્યુંઃ 'લીધી તો ખરી પણ ભૂલ થઇ. તમારી સલાહ પર ધ્યાન ન આપ્યું ને ખોટી ઉતાવળ કરી. પણ હવે શું થાય? મારું તો બધું જ જતું રહ્યું.'

અને એમણે એમની આપવીતી કહી. દીક્ષા લેવા એ ઝાડીમાં ગયા તો ખરા, પણ ભગવું વસ્ત્ર પહેરાવ્યા પછી પેલા પ્રતાપી લાગતા લંગોટધારી, સુદૃઢ સાધુપુરુષે એમના બે શિષ્યો પાસે, એમને ધમકાવીને લૂંટી લીધા. એમની પાસેથી ૩૦૦૦ રૂપિયા રોકડા, પ્રાયમસ, વાસણ, કપડાં, ચંપલ, કામળી બધું લાકડી બતાવીને લઇ લીધું. અને કોઇને પણ કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી. સાધુઓનો એ અભિનય જોઇને આ ભાઇ તો કંપવા લાગ્યા, અને માંડ કરીને પહેરેલાં ભગવા વસ્ત્ર સાથે, એ એકાંત ઝાડીમાંથી નાસી છૂટ્યા.

'મને ખબર નહિ કે ઝાડીમાં આવા સાધુ રહેતા હશે.' એમણે ઉપસંહાર કર્યોઃ 'તમારું માન્યું હોત તો આવું ન થાત.'

મેં કહ્યુંઃ 'તમારો આ અનુભવ તમને તો કામ લાગશે જ. પણ ગુરુ કરવાની ઉતાવળવાળા બીજા અનેકને કામ લાગશે. ગુરુ કરનારે કે કરવા માગનારે કેટલા સાવધ, વિવેકી ને જાગ્રત રહેવું પડે છે તે આ પરથી શીખી શકશો તો પણ ઘણું.'

કુદરત કર્તા છે, માણસ ક્રિયાપદ, સંજોગો કર્મ, માંદગી અલ્પવિરામ અને મૃત્યુ પૂર્ણવિરામ.

PRESENCE OF GOD

–Mitra R. Sejpal (student)

–Who says God is not present on this Beautiful land?

He is, proof is majestic crop grown with the help of his sended rain.

–Who says God is not present among this Human fair?

He is, proof is kind hearted people founded very rare.

–Who says God is not present between those small sparrows?

He is, proof is their ability to build their own nests although narrow.

–Who says God is not present inside you and me?

He is, proof is special power bequethed us, to feel.

–Who says God is not present in this world?

He is, proof is our life chauffeur 'MAA–PRABHU'!!

અનુભૂતિ (ગઝલ)

–દક્ષેશ કોન્ટ્રાક્ટર 'ચાતક'

નરી શૂન્યતામાં હું વાગી રહ્યો છું,
નિરાકાર, સાકાર, લાગી રહ્યો છું.

કદી બુદબદા થઈ, કદી ખુદ ખુદા થઈ,
હું મંદિર મસ્જીદ તાગી રહ્યો છું.

ધ્વનિનું છું ઉદગમ, સ્વયં નાદબ્રહ્મ,
હું પડઘો બની ક્યાંક વાગી રહ્યો છું.

પ્રકાશિત સ્વયં હું ભલે દીપ માફક,
હું પડછાયો થઈ ક્યાંક ભાગી રહ્યો છું.

નથી કોઈ બંધન, નથી મોહ–મમતા,
ક્ષણેક્ષણ છતાં કૈંક ત્યાગી રહ્યો છું.

સમય છું, કરું ખુદ પ્રતીક્ષા સમયની,
હું 'ચાતક' બની ક્યાંક જાગી રહ્યો છું.